# ટ્રેક નં. ૪૬ : સાચા જ્ઞાન વિષે

✻ આત્મ અનુભવથી જ સાચું જ્ઞાન થાય, તે કેવી રીતે થાય? જાણવું છે ને! તો થઈ જાઓ તૈયાર. પૂ. બહેનશ્રીની તત્વચર્ચા સાંભળી સાચું જ્ઞાન કરો.

✻ માંગલિક :

✻ ભક્તિ : જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકા કારણ
યહ પરમામૃત જન્મજરામૃત રોગ નિવારણ,
દુ:ખરોગ નિવારણ.

**✻ પ્રશ્ન: ઇન્દ્રિય જ્ઞાન છે એ એક રીતે સ્વભાવનો અંશ કહેવાય ને?**

● ઉત્તર : સ્વભાવનો અંશ એ ઈન્દ્રિયજ્ઞાન સ્વને નથી જાણતો એટલે એ તો પર તરફ જાય છે. પણ એ સ્વભાવ છોડીને બહાર તો કાંઈ જાતો નથી. એ તો માને છે કે હું બહાર વહ્યો ગયો. સ્વભાવ છોડીને ઈ કાંઈ બહાર જાતો નથી. પણ માન્યતા એમ છે કે હું પોતે જાણે બહાર, પોતાનું જ્ઞાન વહ્યું જાય છે, ને બહારથી જ્ઞાન આવે છે એમ માને છે. સ્વભાવ છોડીને તો ક્યાંય જાતો નથી. અંશો તો પડેલા જ છે જ્ઞાનના ને શ્રુતના. ભલે નિગોદમાં જીવનાં અંશો તો છે જ પોતાના સ્વભાવમાં. એ કંઈ નાશ નથી થાતા. સ્વભાવનો અંશ હોય એ અંશ પણ પોતે જ્ઞાનપણે જાણે છે ક્યાં? જાણે બહારથી જ્ઞાન આવે છે ને હું જાણે બહાર જાઉં છું. માન્યતા ખોટી છે ને. ૧.

**✻ પ્રશ્ન : માન્યતાની ભૂલથી જ્ઞાનમાં ભૂલ થાય?**

● ઉત્તર : માન્યતાની ભૂલથી જ્ઞાનમાં ભૂલ થાય છે. બાકી પોતે તો જાણનાર જ્ઞાયક સ્વભાવે છે. જાણનાર તો જાણનાર છે. પણ એની માન્યતાની ભૂલ થાય છે. ખોટું માને છે. જ્ઞાનનું જાણવાનું ખોટું થાય છે. જાણે પરમાંથી જ્ઞાન આવે છે. એને પોતે જાણે બહાર જાય

છે એવું છે. હું પોતે જ્ઞાયકરૂપે છું એવું જ્ઞાન નથી. હું સ્વભાવરૂપે જ્ઞાન સ્વભાવરૂપે જ છું. સ્વભાવરૂપે જ છે ખરો પણ સ્વભાવરૂપે જ છું એવી જાતનું જ્ઞાન નથી. ૨.

**✻ પ્રશ્ન : અજ્ઞાનીનું જે ઇન્દ્રિય જ્ઞાન છે અને જ્ઞાનીનું ઇન્દ્રિય જ્ઞાન છે. બેય ઇન્દ્રિયજ્ઞાનમાં કંઈ ફેર ખરો ?**

● ઉત્તર : જ્ઞાનીને યથાર્થ જ્ઞાન છે. એટલે એ જ્ઞાન એને ભેદજ્ઞાન-પૂર્વકનું જ્ઞાન થાય છે. એકત્વ નથી થાતું અને જાણવા અપેક્ષાએ બહારનું જાણે ઈ જાણવા અપેક્ષાએ એક સરખું છે. પણ એની દિશા જુદી છે ને એની દિશા જુદી છે. જ્ઞાની જુદી દિશામાં રહીને જાણે છે. એની દિશા સ્વ તરફની છે. સ્વની દિશામાં રહીને સ્વને રાખીને પર—પર તરફ જાય છે, પણ સ્વને છોડતો નથી. એની દિશા જુદી અને ઓની દિશા જુદી છે. ઈ (અજ્ઞાની) જાણે બહાર વહ્યો ગયો એમ જાણે છે. બહારનું જાણવું કે આ કમાડ છે કે આ છે આ છે, એ જાણવાની અપેક્ષાએ સરખું છે પણ એની દિશા જુદી છે. જુદી દિશામાં રહીને ઊભો ઊભો જાણે છે અને ઓલો (અજ્ઞાની) જુદી દિશામાં ઊભો રહીને એકત્વ થઈને જાણે છે. (ઓલો) જ્ઞાની જુદો રહીને જાણે છે. એની દિશા આખી જુદી છે. ને જોવા—જોવામાં ફેર છે. એટલે કહેવાય જ્ઞાનની પરિણતિ બધી જ્ઞાનરૂપે જ પરિણમે છે. એની દિશા જ જુદી છે. જ્ઞાયક રહીને જ એકત્વ થાતું નથી. જુદો જ્ઞાયક રહીને જાણે છે. પોતે સ્વ તરફ પરિણતિ રાખીને પર તરફ જે ઉપયોગ જાય તે છુટ્ટો રહીને જાણે છે. જાણવાની આખી દિશા જુદી છે. એનું જાણેલું જ્ઞાન કહેવાય ને ઓનું (અજ્ઞાનીનું) જાણેલું અજ્ઞાન કહેવાય છે. સ્વને જાણતો નથી. એકત્વ થઈને જાણે છે. (જ્ઞાની) પોતે જુદો રહીને એમાં ઈન્દ્રિયથી મને લાભ થાય, એના આશ્રયથી હું જાણું છું એવી શ્રદ્ધા નથી જુદો રહીને જાણે છે. પોતે પોતાના સ્વતઃ પરિણમનને જુદું રાખે છે. એવી રીતે જાણે છે. ૩.

✻ પ્રશ્ન : જાણવાની અપેક્ષાએ બેય ઇન્દ્રિય જ્ઞાન સરખા ?

● ઉત્તર : જાણવાની અપેક્ષાએ બેય ઈન્દ્રિય જ્ઞાન સરખા પણ એની પરિણતિ આખી જુદી દિશામાં છે. ૪.

✻ પ્રશ્ન : જ્ઞાનીને અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ ગઈ ?

● ઉત્તર : પ્રગટ થઈ છે. એના પૂર્વક એ હજી અધૂરો છે. એટલે એ બહાર જાય છે. એટલો એને આશ્રય આવે છે જાણવામાં, એને ઈન્દ્રિયોનો, મનનો આશ્રય આવે છે. અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થઈ ગયું છે. એની એ રૂપે પરિણતિ છે. પણ ઓલો અધૂરો છે એટલે એટલો બહાર જાય છે અને અજ્ઞાનીને એકલું ઈન્દ્રિય, ઈન્દ્રિય તરફનું જ્ઞાન છે, સ્વનું જ્ઞાન જ નથી.

● બહેનશ્રી : પોતાની પરિણતિ આખી ભેદજ્ઞાનની ધારા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ. સમ્યક્દર્શન થાય...ત્યાર પહેલાનું જ્ઞાન છે એને યથાર્થ નામ આપી શકાતું નથી. સમ્યક્દર્શન થાય એટલે એ જ્ઞાનને યથાર્થ (નામ અપાય છે.) ત્યાર પહેલા વ્યવહાર વચ્ચે આવે છે. જાણવા માટે જ્ઞાન આવે છે હજી પણ પ્રતીતિ યથાર્થ થાય ત્યારે જ જ્ઞાનને સમ્યક્ જ્ઞાન નામ કહેવાય છે. ૫.

✻ પ્રશ્ન : એક બીજ જ્ઞાન થયા પછી બધા ગુણોની શુદ્ધિ થતી જાય છે. હવે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. એવી વાત આવે છે એ કઈ રીતે ?

● ઉત્તર : કેવળજ્ઞાન થયા પછી નહીં, કેવળજ્ઞાન તો પૂરું થઈ ગયું. ૬.

✻ પ્રશ્ન : કેવળજ્ઞાન આજ જેવું ન હોય, આજે હોય એનાથી કાલ વધારે હોય ?

● ઉત્તર : એ કેવળજ્ઞાનમાં એમ નહિ. એ તો સાધક દશામાં છે. સમ્યક્દર્શન થયા પછીની શુદ્ધિની વૃદ્ધિ થાય. એની ભૂમિકા વધતી જાય એને ૪થું ગુણસ્થાન હોય પછી ૫મું થાય. લીનતા વધતી જાય

એમ એમ જ્ઞાન, દર્શન, ચારિત્રની એ બધી જ એની નિર્મળતા, અનંત ગુણોની નિર્મળતા વધતી જાય છે. સમ્યક્દર્શન એક યથાર્થદૃષ્ટિ થઈ એટલે એમાં ચારિત્ર જ્યારે પ્રગટે એટલે પછી બધા ગુણોની શુદ્ધિ થાય. સમ્યક્દર્શનથી શુદ્ધિ થાય. 'સર્વ ગુણાંશ તે સમ્યક્દર્શન.' એની શુદ્ધિ થઈ પછી વિશેષ આગળ જાય. એટલે ચારિત્ર દશા આવે. પાંચમી ભૂમિકા, છઠ્ઠી, સાતમી–મુનિદશા આવે એટલે એની વધારે શુદ્ધિ થઈ. વધારે એની વીતરાગદશાની પ્રાપ્તિ, પૂર્ણ વીતરાગ નથી. વીતરાગતાની વૃદ્ધિ થઈ અને પછી મોહનો રાગનો ક્ષય થાય અને અંતર વીતરાગ દશા પૂર્ણ વીતરાગ થાય ત્યારે એને સંપૂર્ણ થાય તે કેવળજ્ઞાન થાય. વીતરાગ થાય એટલે કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન થાય એટલે બધા ગુણો સંપૂર્ણપણે ખીલી જાય પછી સમયે સમયે એની જે પરિણતિ થાય છે ઈ પરિણતિમાં વૃદ્ધિ વૃદ્ધિ એમ નહીં. (પ્રશ્નકર્તા : વૃદ્ધિ-હાનિનો સવાલ જ નથી રહેતો) ૭.

* પ્રશ્ન : કેવળજ્ઞાન થતાં સર્વ ગુણો ખીલી ગયા ને?

● ઉત્તર : સર્વગુણો કેવળજ્ઞાન થાય એટલે બધા ગુણો પરિપૂર્ણ થઈ ગયા. પછી જે પરિણમન થાય છે એ એક પછી એક અનંતગુણો પોતે શુદ્ધિરૂપે પરિણમ્યા જ કરે છે. વીતરાગરૂપે પરિણમ્યા જ કરે છે. એનો સ્વભાવ એવો છે કે એનો પરિણામી સ્વભાવ છે. પરિણામી એટલે અનંતકાળ સુધી પરિણમ્યા કરે. આનંદરૂપે, જ્ઞાનરૂપે બધું. પણ એનો નાશ નથી થાતો કે એમાં ખૂટી નથી જાતું. ઈ પરિણમ્યા જ કરે. એકસરખું પરિણમ્યા કરે એમાં તારતમ્યતા અગુરુલઘુ સ્વભાવને લઈને થાય પણ એ એક સરખું છે. એમાં એની વૃદ્ધિ કહેવાય નહિ. કેવળજ્ઞાન છે એટલે પૂર્ણ થઈ ગયું. ૮.

* પ્રશ્ન : જ્ઞાનીનું ઇન્દ્રિયજ્ઞાન એ વૃદ્ધિગત થતું દેખાય ત્યારે અજ્ઞાનીનું ઇન્દ્રિયજ્ઞાન વૃદ્ધિગત થતું હોય એવું સામાન્ય રીતે નથી દેખાતું?

● ઉત્તર : ઈન્દ્રિય જ્ઞાનનું શું પ્રયોજન છે? વૃદ્ધિગત કે નહિ

વૃદ્ધિગત? અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ વધે ઈ જ ખરી વૃદ્ધિ છે. સાધનાની વૃદ્ધિમાં ઈ જ વૃદ્ધિ છે. બહારની વૃદ્ધિગત દેખાય ઈ તો બધું બહારથી જોવાનું છે. એની વૃદ્ધિ થાય એનો કાંઈ અર્થ નથી. અંદરનું અતીન્દ્રિયનું પરિણમન જ્ઞાયકની પરિણતિ વધતી જાય. સ્વાનુભૂતિ. ભેદજ્ઞાનની ધારા અંતરમાં જે પરિણતિ વધતી જાય ઈ જ વૃદ્ધિ છે ખરી રીતે, બહારની વૃદ્ધિ એ વૃદ્ધિ નથી. એ બહારથી વધતું દેખાય અને ન દેખાય એ કાંઈ જોવાની દૃષ્ટિ જ નથી. ઈ કાંઈ પરીક્ષા જ નથી કે બહારથી આટલું સાંભળ્યું ને આટલું વાંચ્યું કે આટલું ધાર્યું એ કાંઈ બહારથી જોવાની ઈ કાંઈ પરીક્ષા નથી. વૃદ્ધિ દેખાય. ઈ એમ તો (અજ્ઞાનીને) વૃદ્ધિ દેખાય અને નોય દેખાય એમ દેખાય બહારથી તો. અંતરની પરિણતિની વૃદ્ધિ એ જ ખરેખર વૃદ્ધિ છે. જુએ તો બહારથી ન દેખાય પણ બહારથી વૃદ્ધિ વૃદ્ધિ નથી અંતરની પરિણતિની વૃદ્ધિ થાય ઈ જ ખરી વૃદ્ધિ. જોવાનું, સાંભળવાનું, બોલવાનું બધું ઈ બહાર એ તો બહારના આશ્રયે છે. એક મન કામ કરે ઈ જુદી વાત છે. તો, મન છોડીને તો સ્વાનુભૂતિ. મનથી જુદો છે આત્મા. ૯

*** પ્રશ્ન : ઇન્દ્રિય જ્ઞાન વધે એમાં કાંઈ મહત્વ જેવું નથી. મહત્વ ગણવુંય નહીં?**

● ઉત્તર : એમાં કાંઈ મહત્વ નથી. ઈ મહત્વ એમાં ગણવું નહિ એમાં મહત્વ નથી. ઈ પરીક્ષાનો ટોટલે ય નથી. અંદરની પરિણતિ શું કામ કરે છે? એ જોવાનું છે. અંદર શ્રદ્ધા, જ્ઞાન એની સાથે એ બધી પરિણતિ છે. ૧૦.

*** પ્રશ્ન : 'ઇન્દ્રિય જીણિતા'..... ઇન્દ્રિયજ્ઞાન કો જીતનેવાલા, ભાવેન્દ્રિયકો જીતનેવાલા કૈસા? ઉસકા ખુલાસા કરે.**

● ઉત્તર : યે આત્માકો બહાર ખંડખંડ ઉપયોગ જાતા હૈ એ ઉપયોગ જો હૈ એ ખંડખંડ જાતા હૈ તો આકુળતા હોતી હૈ. યે અધૂરા જ્ઞાન અપના સ્વભાવ નહિ હૈ. એ અખંડ આત્મા પર દૃષ્ટિ કરે યે

'મૈં અખંડ હું'. ખંડખંડ આત્માકા પૂરા સ્વભાવ નહિ એ તો ક્ષયોપશમ જ્ઞાન હૈ. ક્ષયોપશમ જ્ઞાનસે દૃષ્ટિ ઉઠાવી દે તો ક્ષયોપશમ જ્ઞાન, એ ક્ષાયિક જ્ઞાન પણ એક પર્યાય હૈ. એક પારિણામિકભાવ જો અનાદિઅનંત ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ કરો. બસ વો હી જિતેન્દ્રિય જિન હૈ. જ્ઞાયક સ્વભાવ પર દૃષ્ટિ કરે. ક્ષયોપશમભાવ પર દૃષ્ટિ છોડી દે. એક ક્ષયોપશમ જ્ઞાન પર ક્યા એની મહિમા આયેગી? એ તો આકુળતા હૈ. એ ક્રમવાળા જ્ઞાન હૈ. ઓ ઈહા ને અવાય ને, ધારણા ને—ઐસા જ્ઞાનમેં આકુળતા હોતી હૈ. ઐસા જ્ઞાન ઉપર દૃષ્ટિ મત ફેરવેગા. અખંડ પર દૃષ્ટિ કર. બીચમેં તો આતા હૈ ઉસકો જાન લ્યો. ખંડખંડ ઉપયોગ તો-જબ પૂરા નહિ હોય તબ ક્ષયોપશમ જ્ઞાન તો રહેતા હી હૈ. ક્ષયોપશમ જ્ઞાન તો મુનિયોંકો ભી રહેતા હૈ, પર વો ઉસ પર દૃષ્ટિ નહિ કરતે. અખંડ જ્ઞાન ઉપર દૃષ્ટિ દેતે હૈ. પીછે મુનિયોંકો શ્રુતજ્ઞાન પ્રગટ હોતા હૈ. ઈ તો વો ઉસ પર દૃષ્ટિ નહિ કરતે. તો શ્રુતજ્ઞાનકી લબ્ધિ પ્રગટ હોતી હૈ ઉસકો, એ ૧૪ પૂર્વકા ૧૧ અંગકા જ્ઞાન પ્રગટ હો જાતા હૈ ભાવલિંગી મુનિકા, તો એ જ્ઞાન પર—એ ક્ષયોપશમ જ્ઞાન પર વો દૃષ્ટિ નહિ દેતે, તો ભી બઢ જાતે હૈં. બીચમેં ઐસી શ્રુતજ્ઞાનકી લબ્ધિ આત્માકા સ્વભાવ જો ઈસમેં જો શક્તિ ભરી હૈ તો નિર્મળતા પ્રગટ પ્રગટ હોતી હૈ તો ઈસકા નાશ નહિ હોતા પર ઉસ ઉપરથી દૃષ્ટિ લે, દૃષ્ટિ હટાવી દ્યો, ઈસકી મહિમા હટાવી દ્યો, ઈસકો આકુળતા, જાનનેકી આકુળતા છોડ દો, એ પીછે સહજ હો જાતા હૈ તો હો જાતા હૈ. વો અખંડ ઉપર દૃષ્ટિ દેનેસે કેવલજ્ઞાન પ્રગટ હો જાતા હૈ તો કેવળજ્ઞાન પર ભી દૃષ્ટિ મત દ્યો તો પ્રગટ હો જાતા હૈ. એ દૃષ્ટિની વચ્ચે આત્માકી જો વિભૂતિ હૈ વો સબ પ્રગટ હો જાતી હૈ. ઉસકા નાશ નહિ હોતા. ૧૧.

**✻ પ્રશ્ન : ગુરુદેવ ૪૭ શક્તિકા સ્મરણ કરતે થે, સ્વભાવકી મહિમા લાનેકે લિયે ક્યા ઇસ પ્રકારકા વારંવાર સ્મરણ કરના ચાહિયે? ઇસસે સ્વભાવકી મહિમા આતી હૈ?**

● ઉત્તર : વો તો સ્મરણ કરતે હૈં. વે મુમુક્ષુએ ક્યા કરના? વો જ્ઞાની ક્યા કહતે હે? ઉસકા આશય ગ્રહણ કરના ચાહિયે. વો ઐસે કરતે થે. ઈસલિયે અપને ઐસે કરના ચાહિયે ઉસકા અર્થ નહીં. એ શક્તિઓકો ગ્રહણ કરનેમેં તો ઉસકા લાભ હે, નુકશાન નહિ હે. ૪૭ શક્તિકા સ્મરણ કરકે ઉસકા અભ્યાસ કરે તો આત્માકા સ્વરૂપકી મહિમા આતી હે. વૈસે કરનેમેં કુછ નહીં કર સકતે હૈં ઈસમેં કોઈ ઐસા નહિ. ગુરુદેવ ઐસે કરતે થે માટે ઐસા કરના ચાહિયે ઐસા કુછ નહિ. જિસકો જો રુચે સો કરના. કોઈ 'જ્ઞાયક જ્ઞાયક' કરતે હૈં તો ભેદજ્ઞાન કરનેકા અભ્યાસ કરના. ઉસકે સાથ શાસ્ત્રમેં ક્યા? કંઈ પોતાને શંકા હો એસા નિઃશંક હોનેકે લિયે કોઈ તત્વવિચાર જો અપનેકો રુચે સો કરના, ગુરુદેવ ઐસે કરતે થે, જો ઐસે કરતે થે, ઉસકા કોઈ અર્થ નહિ. અપને જો ઈસમેં મહિમા આતી હે તો વો કરના. ઈસમેં તો લાભ હે. અપનેકો લાભ લગે તો ઈસે કરના. મને કેમ રસ પડે છે ઈ પ્રમાણે પોતે કરવાનું છે કે મારે શું સ્મરણ કરવું? મારે જ્ઞાયકનો અભ્યાસ કરવા માટે શેનું સ્મરણ કરવું? ચૈતન્યની શક્તિઓ વિચારો, ૪૭ શક્તિ વિચારવી, જ્ઞાયકની વિચારવું, શાશ્વત સ્વરૂપ શું? શાસ્ત્રમાં અનેક પ્રકારે પોતાને જ્યાં રુચે એવું કરવું. ગુરુદેવ તો મહાપુરુષ હતા એમને જે એમની પરિણતિમાં જે એમને લાગતું'તું તે કરતા હતા. માટે બીજાએ એમ જ કરવું એવો એનો અર્થ નથી. એ તો એમનું શ્રુતજ્ઞાન તો અપૂર્વ હતું. શ્રુતની ધારા એમની તો અપૂર્વ હતી. અનેક જાતની શ્રુતની લબ્ધિ પ્રગટી હતી એમને તો. એમાં એમને રસ પડતો હતો. એ એમ કરતા હતા તે બધાયે એમ કરવું એવો એનો અર્થ નથી. એમ કંઈ એક જ ઈ તો વિચારતા હતા કે બાકી એમ તો અનેક જાતનું એમને ચિંતવન અંદર ચાલતું હતું. એ એક જ ચિંતવન હતું એમ નહીં. અનેક શાસ્ત્રોના શાસ્ત્રો એમણે ખોલી નાખ્યા. શાસ્ત્રોના રહસ્ય ખોલી નાખ્યા. એમણે તો શાસ્ત્રના અંદરથી સમુદ્ર ખોલ્યા હતા. એમાંથી એ પોતે આ એમ

વારંવાર એનું સ્મરણ કરતા. એમને અંદર આનંદ આવતો'તો. શાસ્ત્રમાં આ એક ૪૭ માટે નહીં કેટલીયે ગાથામાં એમને આનંદ આવતો'તો. ઘણીયે ગાથામાં એમને આનંદ આવતો'તો. ૧૨.

* પ્રશ્ન : માતાજી ષટ્‌ખંડાગમમેં આતા હૈ ને કિ મતિજ્ઞાન કેવળજ્ઞાનકો બુલાતે હૈ.

● ઉત્તર : મતિજ્ઞાન બુલાતે હૈ. જે મતિશ્રુત જિસકો પ્રગટ હોતા હૈ વો કેવળજ્ઞાનકો 'આવો આવો'. મતિજ્ઞાન જબ આવે, મતિજ્ઞાનકા અંશ પ્રગટે તબ કેવળજ્ઞાન અવશ્ય આતા હી હૈ. જિસકો સ્વાનુભતિ પ્રગટ હોતી. મતિજ્ઞાન પરસન્મુખ હોતે થે મતિ શ્રુત (વહ) સ્વસન્મુખ હુઆ. સ્વાનુભૂતિ પ્રગટ હુઈ તો ઈસકો મતિ જ્ઞાન પ્રગટ હુઆ. યે અંશ જિસકો પ્રગટ હુઆ મતિજ્ઞાનકા, ઉસકો કેવળજ્ઞાન અવશ્ય પ્રગટ હોતા હૈ. અનાદિકાળસે તો ઉઘાડ હૈ પીછે વહ સ્વસન્મુખ જો વળતા હૈ, તબ ઈસકો સ્વાનુભૂતિ પ્રગટ હોય, સ્વસન્મુખ મતિશ્રુત વિકલ્પ તૂટકે સ્વસન્મુખ હોતા હૈ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ. જિસકો સ્વાનુભૂતિ હોતી હૈ અવશ્ય કેવળજ્ઞાન હોતા હૈ, મતિજ્ઞાન અવશ્ય કેવળજ્ઞાનકો બુલાતે હૈ ઈસકો તો અવશ્ય આતે હૈ કેવળજ્ઞાન, અવશ્ય આતે હૈ. મતિજ્ઞાન શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનકો બુલાતે હૈ? ઉસકો આના હી પડતા હૈ કેવળજ્ઞાનકો. મતિજ્ઞાન એ તો દો રીતે. સ્વાનુભતિ તો કેવળજ્ઞાન પ્રગટ હો જાતા હૈ. ૧૩.

* પ્રશ્ન : આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા હી હૈ.

● ઉત્તર : પ્રત્યક્ષ જ્ઞાતા હૈ, અનાદિ અનંત જ્ઞાતા હૈ. પણ જ્ઞાતાકા ભાન નહિ. જ્ઞાયક જ્ઞાતા જબ પ્રગટ હોતા હૈ જ્ઞાયકકા પરિણમન અંશે પ્રગટ હોતા હૈ સમ્યગ્દર્શનમેં. પૂર્ણ પ્રગટ હોતા હૈ કેવળજ્ઞાનમેં. પ્રત્યક્ષ જ્ઞાતા હૈ. ૧૫.

* પ્રશ્ન : ધવલમેં આતા હૈ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે.

● ઉત્તર : કેવળજ્ઞાનને બોલાવે છે જે મતિ શ્રુતનો અંશ છે

એ અંશ કેવળજ્ઞાનને બોલાવી રહ્યો છે કે જે આ એક અંશ પ્રગટ થયો એ કેવળજ્ઞાનને દેખી રહ્યો છે કે જે આ અંશ છે, એવું જ કેવળજ્ઞાન છે. ઈ પૂર્ણ છે ને આ એક અંશ છે. કેવળજ્ઞાન લીધે જ છૂટકો કરશે. એનો અંશ છે એ. અંશ એટલે એ તો ઈ તો દ્રવ્યદૃષ્ટિથી પ્રગટ થવાનું છે. એ અંશથી પ્રગટ નથી થવાનું. પણ એ અંશ પ્રગટ થયો એમાં એને બધું જણાઈ ગયું. ઈ દૃષ્ટિની અંદર આખું દ્રવ્યનું સ્વરૂપ આખું દ્રવ્ય એને એ દ્રવ્ય કેવા સ્વરૂપે છે, એની પૂર્ણતા, કેવળજ્ઞાન કેવું હોય, એની મુનિદશા કેવી હોય, એની વચલી ભૂમિકા કેવી એક અંશની, ૫મે, છઠ્ઠે, ૭મી ભૂમિકા ને કેવળજ્ઞાન કેવું હોય? એ બધું એના એ દૃષ્ટિના વિષયમાં એ બધું એણે જાણી લીધું છે. મતિ ને શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનને જાણી લીધું છે. વચલી ભૂમિકા ને કેવળજ્ઞાન. જે એક અંશ પ્રગટ થયો હોય એ અંશની અંદર બધું એણે જાણી લીધું. દૃષ્ટિને જાણી લીધું. જ્ઞાન જાણી લીધું. ચારિત્ર જાણી લીધું બધું. એક સ્વાનુભૂતિની અંદર એક આખું કેવળજ્ઞાન કેવું હોય એણે જાણી લીધું. અંશમાં વિશેષ શું છે? પોતે અંશમાં નહીં, દ્રવ્યમાં વધારે વધારે લીનતા કરતો જાય છે. જ્ઞાયકની પરિણતિ ભેદજ્ઞાનની ધારા વધારતો જાય છે. એકત્વબુદ્ધિ તો તૂટી જ ગઈ છે. એકત્વબુદ્ધિ હવે તોડવાની નથી, પણ વિશેષ લીનતા કરવાની છે. એકત્વબુદ્ધિ જે પહેલા પ્રથમ થતી હતી તે એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે. એ લીનતા કરવાની છે. ને ધ્યાનની ધારા એની વધતાં વધતાં પોતે આગળ જાય છે. ધ્યાન એટલે એકાગ્રતા વધતી જાય છે. ૧૬.

✻ પ્રશ્ન : સર્વાંગી અભ્યાસ જ પૂરતો કેવી રીતે?

● ઉત્તર : અભ્યાસ તો જે કરે છે, પણ અભ્યાસની સાથે અંતરમાં લગની લાગવી જોઈએ અંદરથી. એટલી મહિમા જોઈએ. અંદર વિરક્તિ જોઈએ. બધું હોય તો થાય. એકલો અભ્યાસ કરે અને એ અભ્યાસ માત્ર લુખ્ખો અભ્યાસ હોય તો (ન) થાય પણ અંદર એટલી મહિમા ન હોય ચૈતન્ય દ્રવ્યની કે અંદર ચૈતન્ય દ્રવ્ય

કેવું છે? આ બધું નિઃસાર છે. સારભૂત આત્મા જ છે એવી અંતરથી લાગવી જોઈએ. એવી લગની લાગવી જોઈએ. વિભાવમાં એને કાંઈ ગમતું ન હોય. સ્વભાવ જ આનંદદાયક સુખરૂપ છે. એવું અંદરથી લાગે તો એ આગળ જાય. એકલો માત્ર અભ્યાસ નહીં પણ એ સાચું જ્ઞાન એનો ઉપાય છે. જ્ઞાન વગર તો આગળ જઈ શકાતું નથી. ને માર્ગ જાણ્યો નથી તો માર્ગ જાણ્યા વગર દ્રવ્ય કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? એ જાણ્યા વગર તો આગળ જવાતું નથી. પણ એ જાણે પણ અંદરથી એટલી લાગવી જોઈએ અંદરથી, લગની લાગવી જોઈએ, ચૈતન્ય દ્રવ્ય વગર એને ચેન પડે નહિ એવું લાગવું જોઈએ તો જાય આગળ. ૧૭.

*** પ્રશ્ન : અભ્યાસમાંથી ન નીકળે ?**

● ઉત્તર : અભ્યાસમાંથી નીકળે નહિ કાંઈ. અભ્યાસ માત્ર સાધન થાય પણ એ કંઈ બધું અભ્યાસ લાવી ન દે. અભ્યાસ પોતાની મહિમા, લગની એટલી આત્મા સારભૂત. એ બધું પોતાને લાગવું જોઈએ. અભ્યાસ એને લાવી ન દે. અભ્યાસ સાધન થાય. એવો અભ્યાસ તો જીવ ઘણીવાર કરે છે તો અભ્યાસમાં તો બધું થાય નહિ કાંઈ, એ તને રુચિ જોઈએ સાથે. એકલો લુખ્ખો અભ્યાસ કામ ન કરે. અભ્યાસ માત્ર લાવી ન દે. ૧૮.

●ભક્તિ : "કોઈ ક્રિયા જડ થઈ રહ્યાં, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ"

*** પ્રશ્ન : સંસારનું સ્વરૂપ જાણે, સ્વર્ગ, નર્ક છે, આના પછી જીવન છે. ત્યાર પછી સુખદુઃખના પ્રસંગો પડવાના છે. એ બધું અભ્યાસમાંથી જ એને ખબર પડતી હોય?**

● ઉત્તર : અભ્યાસમાંથી જ. સાચું જ્ઞાન તો એને મુખ્ય ઉપાય છે. બાકી આ દુઃખરૂપ છે. સુખરૂપ આત્મા છે. એ બધું જાણ્યું. પણ એ જાણ્યું પણ અંતરમાં પોતાને અંદરમાં એટલી ખટક લાગવી જોઈએ, ને માત્ર જાણી લીધું, અને જાણવા માત્રથી ન થાય. ૧૯.

✻ પ્રશ્ન : અભ્યાસથી પણ કંઈ વિશેષ જરૂર છે?

● ઉત્તર : વિશેષ. (તો બેડી ન તૂટે) 'આ બંધન છે, આ બંધન છે' એમ કર્યા કરે. જે શાસ્ત્રમાં આવે છે ને! 'આ બેડી બંધન છે. આ બંધન છે.' બંધન છે એમ કર્યા કરે. એને તોડવાનો પ્રયત્ન કરે તો સાચું છે એ જ્ઞાનમાં બધું સમાઈ જાય, કેવી રીતે? એ જ્ઞાન કેવી જાતનું લેવું? એ જ્ઞાન અંતરમાંથી લાગેલું. જે જ્ઞાનની અંદર વૈરાગ્ય મહિમા બધું સમાઈ જાય એ જ્ઞાન લ્યો તો જ્ઞાનમાં એ બધું સમાઈ જાય. પણ એ જ્ઞાન માત્ર એકલું જ્ઞાન. એમ સમજવા લાગે કે માત્ર હું અભ્યાસ કર્યા કરું ને એમાંથી બધું આવી જાય તો એમ ન હોય. ઈ બધું લાવી દે એમ ન હોય. જેમ ધોબીના ઘરેથી વસ્ત્ર લઈને સુતો એને કહે કે આ વસ્ત્ર તારું નથી. આ બીજાનું છે, આ આપી દે એમ સાચું જ્ઞાન થયું એટલે ને એ જાણે છે તો ત્યાગે છે. પણ જાણે છે કેવું? કે અંદરથી યથાર્થ જાણીને ત્યાગે છે. અંદર લાગે છે કે આ ત્યાગવા જેવું છે આ રાખવા જેવું નથી. તો ઈ ત્યાગે છે. ૨૦.

✻ પ્રશ્ન : અર્થાત્ એ ભાવ આવવો જોઈએ.

● ઉત્તર : એ ભાવ આવવો જોઈએ સાથે. જ્ઞાનનો અર્થ એવો થઈ જાય કે ઉપલું જ્ઞાન અને માત્ર લુખ્ખું જ્ઞાન, તો એમ નથી. જ્ઞાન એટલે જ્ઞાન બધા પડખાં લેતું અંતરમાં બધી મહિમા, રુચિ બધું લે તો એ જ્ઞાન હોય તો થાય. કોઈને લુખ્ખું જ્ઞાન થાય તો એ શુષ્ક જ્ઞાન છે. અને કેટલોય અભ્યાસ હોય છે, જાણે બધું, બધુ જાણે તો અંતરથી કાંઈ એને તૂટતું નથી, ભેદજ્ઞાન થાતું નથી. એવું જ્ઞાન જીવે ઘણીવાર કર્યું, ૧૧ અંગનું જ્ઞાન કરે છે. એમાં શું એને બાકી રહી જાય છે? બધું એને દ્રવ્ય, ગુણ, પર્યાય બધું જાણે. ભેદજ્ઞાન ને બધું જાણે પણ અંતરમાં 'હું આમ કરું', એ એનું વજન બીજે જાતું હોય છે. એ બધી મીઠાશ બીજે જાતી હોય છે. એ ફેર પડે. પણ એ ખરું પણ એ જ્ઞાનમાં એ જ્ઞાન કેવું લેવું? યથાર્થ જ્ઞાન લે તો તૂટે. જ્ઞાન યથાર્થ લે તો. અભ્યાસ કેવો લેવો? કે ચૈતન્યને સ્પર્શીને અંદરથી

એવો અભ્યાસ આવે તો એ તૂટે. એમાં બધું સમાઈ જાય એવો અભ્યાસ લેવો. ૨૧

**✻ પ્રશ્ન : સાચા જ્ઞાનની સાથે વિરક્તિ પણ સાથે સાથે ?**

● ઉત્તર : વિરક્તિ જોઈએ, મહિમા જોઈએ, બધું જોઈએ. આ દુઃખરૂપ છે, આ સુખરૂપ છે, એમ જાણ્યું પણ હવે આ એ ઘણું અનંતકાળથી પરિભ્રમણ કર્યું, હવે 'મારે આ જોતું નથી. મારે આત્મા જ જોઈએ છે'. એમ અંદર લાગવું જોઈએ. ઈ બધું જાણ્યા કરે, અભ્યાસ કર્યા કરે એમ નહીં. ભલે સમજીને કરે કે આ દ્રવ્ય છે. આ ગુણ છે, પર્યાય છે એવું અંદરથી લાગવું જોઈએ. શાસ્ત્રમાં આવે છે જ્ઞાન માત્ર થઈ જાય છે. એ જ્ઞાન સાચું જ્ઞાન કેવી જાતનું? એ સમજે કે 'આ મારું નથી' તો એનું છૂટી જ જાય તરત એમ, આ વસ્ત્ર મારું નથી તો તરત છૂટી ગયું. આ જાણ્યું કે આ મારું છે જ નહિ. નક્કી થઈ ગયું. સાચી પ્રતિતી થઈ ગઈ તો છૂટી જ જાવું જોઈએ એવું થવું જોઈએ. પછી એને રાખવાનો ભાવ જ ન રહે એવું જ્ઞાન થાવું જોઈએ. એમ જ્ઞાયક છું આ પરદ્રવ્ય તો મારું છે જ નહિ. હું ને એ બે તદ્દન જુદા, સ્વતંત્ર. અત્યંત ઈ જુદું ને હું જુદો, આ વિભાવ તો મારો સ્વભાવ જ નથી. એવી અંતરથી જોરદાર પ્રતિતી આવે તો એ વિભાવથી છૂટો જ પડી જાય એવું જ્ઞાન થવું જોઈએ. પ્રતીતિ એવી થાય કે આ તેં સાચું જાણ્યું કે 'આ મારું નથી જ' તો તું એમાં ઊભો શું કામ રહે છે? એવું જ્ઞાન થવું જોઈએ, તો છૂટી જાય. ઓલું તો જ્ઞાન કરે છે પણ છૂટતો નથી. એવી અંદર વિરક્તિની મહિમા હોય તો છૂટે કે મહિમાવંત તો આત્મા જ છે. બીજું મહિમાવાળું સ્વરૂપ નથી. આ તો તુચ્છ છે બધું. ૨૨.

**✻ પ્રશ્ન : એનો અર્થ એમ થયો કે એવા જ્ઞાન જે જ્ઞાનમાં દ્રવ્ય પકડાય નહિં એવું જ્ઞાન ન હોય તો એને એ જ્ઞાનમાં બહારની મહિમા-મોટપની કંઈક અંદર વાસના રહેતી હશે ?**

● ઉત્તર : ક્યાંક અટકતો હોય છે. ક્યાંક કંઈક અટકતો હોય

છે. કંઈક કોઈ હેતુથી. આત્મા જ એને પ્રયોજનભૂત છે. એ પ્રયોજન મને આત્મા માટે આ અભ્યાસ છે. પછી એને થાતા વાર લાગે. પુરુષાર્થની મંદતાને લઈને એને વાર લાગે. ભલે એને જ્ઞાન સાચું જ્ઞાન કરે. આ વૈરાગ્ય હોય, મહિમા હોય, બધું હોય પણ એની પુરુષાર્થની મંદતાને લઈને એને વાર લાગે. વાર લાગે એ જુદી વાત છે. પણ તો કેટલાકને ન થાતું હોય એમાં આત્મા પ્રયોજન ન હોય આત્માનું. બીજું બીજું કંઈ પ્રયોજન હોય એમ એ અટકતો હોય છે. મોટાઈનું પ્રયોજન હોય, ભણવાનું પ્રયોજન હોય, શીખવાનું પ્રયોજન હોય, કંઈ કંઈ પ્રયોજન હોય. આત્માનું જ પ્રયોજન. આત્મા જ પ્રયોજન. પછી ભલે એ નક્કી કરે એને થાતા વાર લાગે, પુરુષાર્થની મંદતાને લીધે વાર લાગે પુરુષાર્થની મંદતા એમાંય પોતાની કચાશ છે. ૨૩.

**✻ પ્રશ્ન : સાચા જ્ઞાનની સાથે કષાયમાં પણ ફેરફાર થતો હોવો જોઈએ.**

● ઉત્તર : આમ હૃદયની અંદરથી થાવો જોઈએ, અમુક મર્યાદા તો આવી જાય, 'આ સારું નથી. આ વિભાવ સારો નથી'– એમ થઈ ગયું એટલે એનો રસ અંદરથી ઓછો થઈ ગયો. પણ એના બહારના કાર્યોમાં પણ એને ફેરફાર થઈ જાય. એની જેવી તીવ્રતા હોય એની રસની, તેવી કષાયોમાં તીવ્રતા ન હોય. રસ મંદ પડી જાય. છૂટે નહિ ભલે પણ રસ મંદ પડી જાય. ૨૪

**✻ પ્રશ્ન : એ વખતે પોતાને પણ ખ્યાલ આવે છે ને રસ મંદ પડે છે.**

● ઉત્તર : પોતાને ખ્યાલ આવે છે કે, પેલા કઈ જાતનો રસ હતો ને હવે રસ મંદ પડી ગયો એ તો ખ્યાલ આવે. જ્ઞાન વગર તો કાંઈ એને માર્ગ જ સૂઝતો નથી. એકલો વૈરાગ કરે ને એકલી મહિમા કરે તો માર્ગ કાંઈ જ્ઞાન વગર સૂઝતો નથી. સાચું જ્ઞાન એ તો ઉપાય છે પણ એની સાથે બધું જ જોઈએ. લુખ્ખું જ્ઞાન કામ ન આવે. ૨૫.

✻ પ્રશ્ન : એમ કહીએ કે કેવળજ્ઞાની પણ પરને પ્રત્યક્ષ જાણતા નથી પણ પરોક્ષ જાણે છે. તેમાં કેવળજ્ઞાનનો કાંઈ-અવર્ણવાદ થાય છે? પરપ્રકાશકપણું એવું છે કે જેમાં પરનો આલંબન જ લેવાનો ભય ઉપજે છે એટલે પ્રત્યક્ષ જાણવું કરતાં પરોક્ષ જાણે છે.

● ઉત્તર : સ્વપર પ્રકાશક પ્રત્યક્ષ જ્ઞાન છે. પરમાં અવલંબન-કેવલજ્ઞાની ભગવાનને પરનું આલંબન આવતું નથી. એ તો સહજ જાણે છે. જ્ઞેય કહેવાય. જ્ઞેયને જાણ્યું એમ કહેવાય. પણ એ કંઈ જ્ઞેયનો આશ્રય લેતા નથી, ઈ તો જ્ઞાન પોતે સ્વયં પરિણમે છે. સ્વપરપ્રકાશક જ્ઞાન પોતે જ છે. પ્રત્યક્ષ છે. એને પરોક્ષ કહેવાય જ નહિ. કેવળજ્ઞાની-કેવળજ્ઞાની કેવી રીતે કહેવાય પરોક્ષ જાણે તો? એ કેવળજ્ઞાની ન કહેવાય. એ પ્રત્યક્ષ જાણે એ જ કેવળજ્ઞાન હોય. એ સહજ પ્રત્યક્ષ જાણે છે એને પરોક્ષ કહી શકાય એવું નથી. કેવળજ્ઞાન પરને જાણે એ પરોક્ષ કઈ રીતે કહી શકાય? કેવળજ્ઞાન તો સંપૂર્ણ જ્ઞાન શેનું? તો નિર્મળ જ્ઞાન શેનું? વીતરાગી જ્ઞાન શેનું? વીતરાગી જ્ઞાન એનું નામ કે પ્રત્યક્ષ જાણે એને કંઈ પરોક્ષ એટલે વચ્ચે પરનું આલંબન આવે છે પરોક્ષનું આલંબન આવે છે. પ્રત્યક્ષમાં આલંબન આવતું નથી. પરોક્ષ એટલે પરનું પરનું આલંબન એમ આવે છે. મનનું આલંબન આવે છે. પરોક્ષમાં. એમાં આલંબન આવે છે. પ્રત્યક્ષમાં આલંબન નથી આવતું. એ તો સહજ એનું સ્વરૂપ જ છે. સ્વને જાણે ને પરને જાણે એ સહજ છે, એ કાંઈ પરનો આલંબન લેવા જાતો નથી આત્મા. સહજ જણાય છે એને. એ જ્ઞાનની પરિણતિ સ્વયં પરિણમે છે. જ્ઞાનની પરિણતિ પોતાને જાણવા તરફ ને પરને જાણવા તરફ સહજ પરિણમે છે. એ કંઈ આલંબન લેવા જાતું નથી. પરોક્ષ છે એ આલંબનવાળું છે અને એ ક્ષયોપશમ છે, પરોક્ષ છે એ ક્ષયોપશમ છે. ક્ષાયિકપણું નથી. એ ક્રમવાળું છે. અક્રમ પણ નથી. એક સાથે જણાતું નથી પરોક્ષ જ્ઞાન, એકસાથે નથી જણાતું, ક્રમે ક્રમે જણાય છે. મનના આલંબનવાળું છે એટલે એ અધૂરું જ્ઞાન છે.

પરના આલંબનવાળું મનના આલંબનવાળું જ્ઞાન કોઈ રીતે પ્રત્યક્ષ થઈ શકે જ નહીં. પરના આલંબનવાળું જ્ઞાન કોઈ રીતે સંપૂર્ણ હોઈ શકે જ નહીં. એ તો અધૂરું છે. પરના આલંબનવાળું જ્ઞાન છે જે પરોક્ષ જ્ઞાન છે. જે પરોક્ષ જ્ઞાન છે એને મનનું આલંબન છે. મનનું આલંબન છે એટલે એ સંપૂર્ણ જાણી જ ન શકે. સંપૂર્ણ જાણનારું જ્ઞાન તો પ્રત્યક્ષ જ છે. એને કોઈનું આલંબન નથી. એ તો નિરાવલંબન છે. નિરાવલંબન નિઃસહાય. કોઈની સહાય નથી, કોઈનું આલંબન નથી. સ્વતંત્ર પરિણામે છે. એ સ્વતંત્ર પરિણમનારું દ્રવ્ય. એનું જ્ઞાન પણ સ્વતંત્ર પરિણમે, એના ગુણો બધા સ્વતંત્ર પરિણમે. કોઈનું આલંબન નથી. નિરાલંબન છે. એને કોઈનું આલંબન નથી. આત્માને જ્ઞાનને કોઈનું આલંબન નથી. ૨૬.

*** પ્રશ્ન : પ્રથમ દર્શનની ઉત્પત્તિ પછી જ જો સમ્યક્જ્ઞાન....તો સંપૂર્ણ દર્શનની ઉત્પત્તિમાં જ્ઞાન કારણભૂત?**

● ઉત્તર : જ્ઞાન કારણભૂત. દર્શન એટલે સમ્યક્દર્શન જો કહેતા હોય ને તો સમ્યક્દર્શન પ્રગટ થવામાં જ્ઞાન પહેલા કારણ બને છે. દર્શન બે પ્રકારના છે. એક અવલોકનરૂપ દર્શન અને એક સમ્યક્દર્શન. એ બે જાતનાં દર્શન હોય છે. એ સમ્યક્દર્શન જે છે, એ પ્રગટ થાય ત્યાર પહેલા સાચું જ્ઞાન થાય. વિચાર કરીને નક્કી કરે કે શું આત્માનું સ્વરૂપ છે? જ્ઞાયક શું છે? એમ નક્કી કરે કે આ જ્ઞાન સ્વભાવ તે જ હું છું. આ બીજો વિભાવ છે તે હું નથી. એમ જ્ઞાન પોતે. મારા દ્રવ્ય, ગુણ, પર્યાય શું? મારું દ્રવ્ય શું? મારા ગુણો શું? મારી પર્યાયનું પરિણમન શું? આ પુદ્ગલના દ્રવ્યો, એના ગુણો, એની પર્યાય બધું નક્કી કરે. પ્રયોજનભૂત જ્ઞાન, પછી શાસ્ત્રનો વધારે અભ્યાસ હોય તો વધારે એની નિર્મળતાનું કારણ થાય. પણ અમુક પ્રયોજનભૂત જ્ઞાન તો એને પહેલા સાથે આવે કે આત્મા આ હું છું. શાશ્વત છું અનાદિ અનંત, પર્યાયમાં વિભાવ છે. મારા સ્વભાવમાં

વિભાવ નથી. અંદર કાંઈ વિભાવ પ્રવેશ નથી કરી ગયો એવું પહેલાં નક્કી જ્ઞાનથી કરે. જ્ઞાનથી નક્કી કરીને એવી પરિણતિ અંદરમાં 'જ્ઞાયક છું' એવી પરિણતિ પ્રગટ કરે તો એ સમ્યક્‌દર્શનનું કારણ થાય છે. બાકી ઓલું જે દર્શન છે કે પેલા સામાન્ય દર્શન પછી વિશેષ જ્ઞાન એ દર્શન જુદું. આ સમ્યક્‌દર્શન—એમાં પેલા જ્ઞાન કારણ હોય છે. પછી સમ્યક્‌દર્શન થાય. સમ્યગ્દર્શન થાય એટલે ઈ દ્રવ્ય પર દૃષ્ટિ થાય જ્ઞાયકની ધારા થાય અને સમ્યક્‌દર્શન થાય એટલે જ્ઞાન પણ સમ્યક્ પછી કહેવાય. સમ્યક્‌દર્શન થાય એટલે જ્ઞાનને સમ્યક્ કહેવાય. ત્યાર પહેલાનું જ્ઞાન એ વિચારરૂપ હોય છે પણ એ વિચારરૂપજ્ઞાન પણ એને કારણ બને છે સમ્યક્‌દર્શનને. ૨૭

✻ પ્રશ્ન : એ પહેલાનું જ્ઞાન આંશિક સમ્યક્ સમજવું ?

● ઉત્તર : એને સમ્યક્ પરિણતિ નથી હોતી ને એટલે એ જ્ઞાનને સમ્યક્ જ્ઞાન નથી કહેવાતું. ૨૮.

✻ પ્રશ્ન : નિમિત્ત બની શકે સમ્યક્ત્વમાં?

● ઉત્તર : એ નિમિત્ત બને છે. કારણ બને છે. વ્યવહારથી કારણ બને છે. એ જ્ઞાન એને વ્યવહારથી સમ્યક્‌દર્શનનું કારણ બને છે. પણ એ એની પરિણતિ તે રૂપે નથી થઈને એટલે એને સમ્યક્ નામ કહી શકાતું નથી. સમ્યક્‌દર્શન થાય પછી જ સમ્યક્‌જ્ઞાન કહેવાય છે. ત્યાં સુધી સમ્યક્‌દર્શન પહેલાનું જે જ્ઞાન છે એ જ્ઞાન માત્ર જાણવારૂપ હોય છે. પણ જો એને પ્રયોજન આત્માનું જ હોય એ જ્ઞાન થવામાં, તો એ જ્ઞાન એને આત્મા પ્રગટ થવામાં કારણ બને છે. પણ જો આત્માનું પ્રયોજન ઘણાને ન હોય. જ્ઞાન વિચાર કર્યા કરે પણ આત્માનો હેતુ ન હોય તો એ જ્ઞાન તે જ્ઞાનરૂપ રહી જાય છે. આત્મા પ્રગટ એવું જ્ઞાન ઘણીવાર જીવે કર્યું, પણ આત્માનો હેતુ હોય તો જ એ કારણ થાય છે. આત્માનું ધ્યેય હોવું જોઈએ કે મને આત્મા કેમ સમજાય? ૨૯.

*** પ્રશ્ન : સમ્યક્દર્શનમાં જે રીતે ભેદજ્ઞાનની ધારા વર્તે છે એ જ માર્ગે કેવળજ્ઞાન થાય છે ? કેવળજ્ઞાનનું શું સ્વરૂપ છે એ જરા સમજાવો.**

● ઉત્તર : જે માર્ગ સમ્યક્દષ્ટિનો છે, જે ભેદજ્ઞાન પ્રગટ થયું એ જ માર્ગ ઠેઠ સુધી રહે છે. પહેલાં જે જિજ્ઞાસામાં જે ભાવના કરી, પ્રયત્ન કરી, પુરુષાર્થ કરીને જે સમ્યક્દર્શન પ્રગટ થયું એ એને અનાદિકાળનું દુર્લભ હતું એ એણે પુરુષાર્થ કરી સ્વભાવ તો સુલભ છે. પણ એને અનાદિકાળથી એકત્વબુદ્ધિને લઈને દુર્લભ થઈ પડ્યું. એ જેણે પુરુષાર્થની ભાવના અને પુરુષાર્થ જ્ઞાયક તરફનો વારંવાર અભ્યાસ કરીને અને દેવ ગુરુ શાસ્ત્રના નિમિત્ત—કોઈ અપૂર્વ નિમિત્તથી એ દેવ ગુરુ શાસ્ત્રનું નિમિત્ત તો કોઈ અપૂર્વ છે. એનાથી પોતે પુરુષાર્થ કરીને જે પ્રગટ થયું સમ્યક્દર્શન અને જે જ્ઞાયકને ગ્રહણ કર્યો એ જે માર્ગ છે તે જ માર્ગ ઠેઠ સુધી, પછી એને માર્ગ સહજ ને સુગમ થઈ જાય છે. એવું દુર્ગત નથી. જ્ઞાયક જે ગ્રહણ થયો એ જ્ઞાયક ગ્રહણ થયો એમાં એને લીનતાની કમી છે. લીનતા ઓછી છે. બાકી જે જ્ઞાયક ગ્રહણ કર્યો તે જ જ્ઞાયક. તે જ્ઞાયક જે સમ્યક્દર્શનમાં છે, તે જ જ્ઞાયક મુનિદશામાં છે, તે જ જ્ઞાયક પૂર્ણ દશામાં પણ તે જ જ્ઞાયક છે. જ્ઞાયક બીજો નથી. જ્ઞાયક જે ગ્રહણ કર્યો, જ્ઞાયકની પરિણતિ જે દૃષ્ટિમાં આવી તે જ જ્ઞાયક તેનો તે છે.

પણ એમાં એને પરિણતિમાં લીનતાની ઓછપ છે. એ લીનતા વધારતો જાય છે. શુદ્ધાત્મા પ્રવૃત્તિ લક્ષણ-જે શુદ્ધાત્માની પરિણતિ પ્રગટ કરી તે જ મુક્તિનો માર્ગ છે. એ શુદ્ધાત્માને ગ્રહણ કર્યો. સમ્યક્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય એની લીનતા ને ચૈતન્યમાં ઠરતો જેમ મુનિઓ ઠરી જાય છે, એટલા એ ઠરી શકતા નથી. સમ્યક્દષ્ટિને અનેક જાતના વિકલ્પ, અનેક જાતની પ્રવૃત્તિઓમાં પડેલા હોય છે. અને માર્ગ તો એક જ છે. એ માર્ગ તે મુનિદશામાં જે માર્ગ-સમ્યક્દર્શનમાં જે પ્રગટ થયો તે જ માર્ગ મુનિદશામાં છે. મુનિઓ

વારંવાર સ્વરૂપમાં લીન થઈ જાય છે. જે જ્ઞાયક ગ્રહણ કર્યો, જે ચેતનનું ઘર જે ગ્રહણ કર્યું હતું, તે જ ઘરની અંદર વારંવાર ડૂબી જાય છે, સમાઈ જાય છે અને સમ્યક્દષ્ટિ જ્ઞાયકને ગ્રહણ કરે છે. વારંવાર એમાં ડૂબી જાતા નથી ને બહાર આવે છે. ને મુનિઓ વારંવાર સ્વરૂપમાં ડૂબી જાય છે. જામી જાય છે. અંતર્મુહૂર્તે અંતઃમુહૂર્તે સ્વરૂપમાં લીન થઈ જાય છે વારંવાર સ્વરૂપમાં. તેને બહાર આવવું પણ મુશ્કેલ પડે છે. એક અંતર્મુહૂર્તે બહાર આવે છે ને પાછા અંદર ચાલ્યા જાય છે. એવી દશા એની પ્રગટ થાય છે. માર્ગ તો એક જ છે. બીજો કોઈ માર્ગ નથી. કેવળજ્ઞાન પણ તે જ માર્ગે પ્રગટ થાય છે. માર્ગ સરળ છે. પછી માર્ગ એને સહજ અને સુગમ થઈ ગયો છે.

‘શ્રમણો જિનો તીર્થંકરો એ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા નમું તેમને નિર્વાણના તે માર્ગને.’

બસ ! આ માર્ગે જ મોક્ષ, ઠેઠ સુધી એક જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. એ કેવળજ્ઞાન થાય છે. એ કેવળજ્ઞાનની તો શું વાત કરવી ? એ તો જેવું ચૈતન્યદ્રવ્ય અનાદિ અનંત શાશ્વત છે એવું ચૈતન્ય દ્રવ્ય પરિણતિરૂપે પ્રગટ થઈ ગયું. જે ચૈતન્ય દ્રવ્ય અનાદિ અનંત શાશ્વત, જે એના અનંત ગુણો બધા જે પરિણમનરૂપે શક્તિમાં હતા, એના કેટલાયે ગુણો બધા શક્તિમાં હતા બધા પ્રગટ થઈ ગયા, બધા ખીલી ગયા. એટલે જેવું ચૈતન્ય દ્રવ્ય હતું તેવા જ એના પર્યાયો બધા ખીલી નીકળ્યા. એમાં એનું જ્ઞાન, કેવળજ્ઞાનનું જે એક સમયની અંદર લોકાલોકને પોતાના સ્વરૂપમાં એ જ્ઞાનસાગર પોતે પોતાના સ્વરૂપમાં ડૂબી ગયા છે. જ્ઞાયકમાં ડૂબી ગયા. અનંત સાગરમાં ડૂબી ગયા. અનંત ગુણો ખીલી નીકળે છે. જ્ઞાન પણ એ જ્ઞાન પોતે જ સ્વરૂપ તરફ દિશા એની સ્વરૂપ તરફ થઈ ગઈ. પૂર્ણ દિશા અને સમ્યક્દષ્ટિને અમુક રીતે સમ્યક્ જ્ઞાયક સ્વતરફ હતું. આ તો પૂર્ણ સ્વરૂપ તરફ ડૂબી ગયા. ડૂબી ગયા પછી સહજપણે ક્ષયોપશમ- જ્ઞાનનો ક્ષયોપશમ-જે જ્ઞાન ક્ષયોપશમરૂપે હતું અંતર્મુહૂર્તે કામ કરતું, એ

કેવળજ્ઞાનીનું જ્ઞાન એક સમયમાં વગર વિચાર્યે, જ્ઞેયને જાણવાની ઈચ્છા વગર, એની ઈચ્છા પણ નથી. ઈચ્છા વગર, એક સમયની અંદર, જ્ઞાનની એવી શક્તિ છે. જ્ઞાન એવું સર્વજ્ઞ સ્વભાવ આત્માનો. એક સમયની અંદર આખા લોકાલોકને અનંતા દ્રવ્યોનો ગયો કાળ, વર્તમાન, ભવિષ્ય એવા અનંત અનંત દ્રવ્યોના ગુણ, પર્યાયને એના જુદા જુદા અનંત કાળ ને બધું એક સમયમાં એના જ્ઞાનમાં રહે છે. તો પણ અણુ રેણુવત, તો એને બોજો નથી થાતો. જાણે અણુ કેમ પડ્યું હોય પાણીમાં, એની જેમ પોતે પોતામાં ડૂબેલા રહે છે. એવું સ્વપરપ્રકાશક જ્ઞાન એનું ખીલી ઊઠે છે. એ કેવળજ્ઞાનની ઈચ્છા પણ નથી એ સ્વપરપ્રકાશક જ્ઞાનનું સમ્યક્ એને પેલા કંઈ નાશ નથી થાતો. શક્તિમાં હોય છે એ બધું પ્રગટ થાય છે. ૩૦

*** પ્રશ્ન : છ દ્રવ્ય, પંચાસ્તિકાય, નવતત્વ, હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વ, દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય વગેરેનું જ્ઞાન સમ્યક્દર્શનની પ્રાપ્તિ અર્થે શું જાણવું પ્રયોજનભૂત છે ? કે એક ધ્રુવ જીવ સ્વભાવ જાણવાથી મુક્તિમાર્ગ પર જઈ શકે છે.**

● ઉત્તર : ઝાઝું શાસ્ત્ર જ્ઞાન હોય તો જણાય એવું નથી. મૂળ પ્રયોજનભૂત તત્વ જાણે. એ ધ્રુવ અને એને દ્રવ્ય ગુણ-પર્યાયનું સ્વરૂપ, એક આત્મા એના ગુણ પર્યાયો, સ્વપરનું ભેદજ્ઞાન એવું જે પ્રયોજનભૂત છે, જે મોક્ષમાર્ગમાં જે પ્રગટ થાય છે, એ એને પ્રયોજનભૂત તો એટલું જાણે તો પણ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. એમાં ઝાઝું ઝાણે તો થાય એવું નથી. પ્રયોજનભૂત તત્વ તો જાણે, શિવભૂતિ મુનિ કંઈ જાણતા નહોતા પણ એને આ ભેદ આ ‘દાળ જુદી અને ફોતરા જુદા’ બાઈ ધોતી’તી એમાંથી દાળ જુદા ને ફોતરા જુદા એમ ‘મારો આત્મા જુદો ને વિભાવ જુદો છે’. એમ ભેદજ્ઞાન કરી, સ્વપરનું ભેદવિજ્ઞાન કરી અંતરમાં લીન થઈ ગયા. પણ સ્વપરના ભેદવિજ્ઞાનમાં ‘હું આ દ્રવ્ય છું અને આ વિભાવ છે, હું અનાદિ અનંત શુદ્ધાત્મા છું ને આ વિભાવ.’ પર્યાય છે. એ પર્યાયમાં વિભાવ થાય

છે. પણ એ વિભાવ મારો સ્વભાવ નથી'. સ્વભાવ વિભાવનું જ્ઞાન કરીને અંતરમાં ઉતરી ગયા એમાં એને બધું આવી જાય છે. જીવતત્વ, આસ્રવ, સંવર, નિર્જરા બધું. અંશે સાધકદશા થઈ. વિશેષ, વિશેષ પુરુષાર્થથી નિર્જરા થાય છે અને પૂર્ણ થવાથી મોક્ષ થાય. એની પરિણતિમાં જ બધું આવી જાય છે. તિર્યંચો કંઈ જાણતા નથી હોતા. તો એ તિર્યંચને શબ્દ નથી આવડતા પણ સ્વપરનું ભેદવિજ્ઞાન થાય કે 'હું આ આત્મા છું ને આ વિભાવ છે'. સ્વભાવ વિભાવનું ભેદજ્ઞાન થાય એમાં 'હું આ ચૈતન્યસ્વભાવ, જ્ઞાયક સ્વભાવ, હું મારો આત્મા. આ વિભાવ મારો સ્વભાવ નથી અને એ મારા પુરુષાર્થની મંદતાએ થાય છે'. એ એને ભાવમાં બધું આવી જાય છે ભેદવિજ્ઞાનમાં, નામ નથી આવડતા. 'હું આ જ્ઞાયક છું' ને આ વિભાવની પરિણતિ મારા સ્વભાવમાં નથી' એમ ભેદજ્ઞાન કરી અને જ્ઞાયકને ગ્રહણ કરે છે અને એ જ્ઞાયકની ગ્રહણતામાં આગળ જાય. આગળ જવાનો પુરુષાર્થ. આમાં જ્ઞાયકની દૃષ્ટિને દૃઢ રાખવાનો પુરુષાર્થ, સંવર, સ્વરૂપ આચરણ ચારિત્ર એ બધું એમાં આવી જાય. આ નવતત્વ ને બધું એમાં આવી જાય છે. પણ એને નામ નથી આવડતા. પણ સ્વપર ભેદવિજ્ઞાન થાય, એમાં એ નવતત્વની બધી એની સાધકદશામાં બધું આવી જાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની. આ દર્શન ને જ્ઞાન ને પ્રતીત પોતાને કરી 'હું ચૈતન્ય', એમાં અખંડ દ્રવ્ય પર દૃષ્ટિ ગઈ અને આ પર, 'આ વિભાવ પર અને હું સ્વ' એમાં એ જ્ઞાનમાં જ્ઞાન સ્વપરને જાણે એ આવી જાય છે. પોતા તરફ લીનતા કરે છે. એમાં અંશે સ્વરૂપઆચરણ ચારિત્ર આવે છે. એટલે એમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની વિશેષ લીનતાનો પ્રયત્ન પણ કરે છે. એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદો પણ એમાં આવી જાય છે. એના નામ નથી આવડતા. કેટલાક તિર્યંચો પાંચમા ગુણસ્થાનને પ્રગટ કરે છે. એટલે એની વિશેષ લીનતાને પણ પ્રગટ કરે છે. એટલે એમાં એને ચારિત્રની દશા, દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદો પણ આવી જાય છે. એટલે ભેદ

શું? અભેદ શું? એ સાધ્ય સાધકના જે પંથ છે એને નામ વગર પણ એમાં આવી જાય છે. એટલે અમુક પ્રયોજનભૂત જ્ઞાન હોવું જોઈએ. ધ્રુવ જાણે, એ ધ્રુવ યથાર્થ જાણે એ ક્યારે કહેવાય કે ધ્રુવ યથાર્થ જાણે એની સાથે એના બધા પડખાઓ આવી જાય, તો એને યથાર્થ ધ્રુવ જાણ્યું. 'હું જ્ઞાયક ધ્રુવ છું અને આ વિભાવ હું નથી' એમ એના જે પ્રયોજનભૂત પડખાઓ આવી જવા જોઈએ. એકલું ધ્રુવ એટલે ઈ ધ્રુવની અંદર શુષ્કપણે એકલું એ ધ્રુવ મારામાં કાંઈ છે જ નહિ. નથી એટલે એની પર્યાયમાં પણ નથી અને આ પુરુષાર્થની મંદતાથી થાય છે. એનો કાંઈ જો વિવેક ન આવે તો ઈ ધ્રુવ એને યથાર્થ ગ્રહણ કર્યો નથી. એની ધ્રુવમાં બધા પડખાંઓ આવી જાય છે. ધ્રુવ—એ ધ્રુવ એ જ્ઞાયક-ધ્રુવ એમાં આવી જાય બધું, પણ ઈ યથાર્થપણે ક્યારે ગ્રહણ થાય? કે એમાં બધું આવી જવું જોઈએ. તો એ યથાર્થ ગ્રહણ કર્યું છે. દૃષ્ટિ સમ્યક્ 'જ્ઞાયક હું છું' એવી દૃષ્ટિ સમ્યક્ ક્યારે કહેવાય કે એની સાથે જ્ઞાન પણ સમ્યક્, જ્ઞાન જે વિવેક કરે છે એ જ્ઞાનનો વિવેક અને દૃષ્ટિ—બેય સમ્યક્ હોય તો ઈ સમ્યક્ કહેવાય છે. પણ જ્ઞાન સમ્યક્ ન હોય તો દૃષ્ટિ સમ્યક્ હોતી નથી ને દૃષ્ટિ સમ્યક્ ન હોય તો જ્ઞાન પણ સમ્યક્ હોતું નથી. માટે એમાં સમ્યક્ હોય તો એ ધ્રુવ ગ્રહણ કરે તોપણ એમાં બધું આવી જાય છે. પણ એમાં ટૂંકામાં સ્વપરનું ભેદવિજ્ઞાન. એમાં દ્રવ્યદૃષ્ટિપૂર્વકનું સ્વપરનું ભેદવિજ્ઞાન. પણ એ ભેદવિજ્ઞાન એકલું હોતું જ નથી. ભેદવિજ્ઞાન કોને કહેવાય? કે દ્રવ્ય દૃષ્ટિપૂર્વક હોય તો જ ભેદ. ભેદ કોનાથી પડે? કે પોતે પોતાને ગ્રહણ કરે તો ભેદ પડે. પોતાને ગ્રહણ કર્યા વગર ભેદ થાય ક્યાંથી? કે હું આ ચૈતન્ય છું ને આ નથી. એમ પોતાને ગ્રહણ કર્યા વગર ભેદ થાય જ ક્યાંથી? યથાર્થ ભેદજ્ઞાન થાય એમાં દ્રવ્યદૃષ્ટિ પણ થઈ જાય છે.

● બહેનશ્રી : ભગવાનને જાણે એ પોતાને જાણે છે એવો સંબંધ છે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ પોતાના દ્રવ્ય ગુણ

પર્યાયને જાણે છે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ ભગવાનના દ્રવ્ય-ગુણ- પર્યાય જાણે, એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. એ દ્રવ્ય ગુણ પર્યાયમાં બધું ટૂંકામાં આવી જાય છે. અનાદિકાળથી માર્ગ નથી જાણ્યો એમાં એ નિમિત્ત ઉપાદાનનો એવો સંબંધ છે કે પહેલા એકવાર ભગવાનની વાણી કોઈ ગુરુની વાણી પ્રત્યક્ષપણે મળે ત્યારે એને અંતરમાંથી કાંઈ અપૂર્વતા લાગે છે. એવું નિમિત્ત, કરે છે પોતાથી, પણ નિમિત્ત ઉપાદાનનો એવો સંબંધ રહેલો છે. એમ એક ધ્રુવ જ્ઞાયકમાં આવી જાય પણ એ ક્યારે? કે એનો ભેદ બધા પડખાઓ પ્રયોજનભૂત પડખાઓ આવી જાય. પડખું આવી જાય. એકલું ધ્રુવ તો સૂકું ધ્રુવ એમ થઈ જાય તો એ યથાર્થ નથી. ૩૧.

**✻ પ્રશ્ન : પડખાઓ જાણ્યા વગર સીધું ધ્રુવ પર જઈ પણ ન શકાય ?**

● ઉત્તર : સીધું જઈ ન શકાય. પડખા, પણ ઝાઝું જ્ઞાન હોય કે ઝાઝું શાસ્ત્ર જાણે....જાણે તો વધારે લાભનું કારણ છે, પણ ન જાણે તો એને ટૂંકું પણ જાણે સ્વપરભેદવિજ્ઞાન તો પણ એમાં આવી જાય છે. ૩૨

**✻ પ્રશ્ન : પ્રથમ ધ્રુવ સ્વભાવ ઉપર જ નજર કરી પછી પડખા જાણવા જોઈએ એમ કહે છે.**

● ઉત્તર : પણ એ પ્રથમ ધ્રુવ ઉપર જાય પણ એમાં એને બધા પડખા આવી જ જાય. પણ ધ્રુવ પણ પોતે એણે જાણ્યું નથી પણ વિચારથી નક્કી કર્યા વગર એ જ્ઞાનનો વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી. જ્ઞાનથી વિચાર કરે હું કોણ? પર કોણ? એમ વિચાર કર્યા વગર, એ જ્ઞાનથી વિવેક કર્યા વગર એ આગળ જઈ શકતો નથી. ‘હું ધ્રુવ જ છું’ એમ વિચાર કર્યો. જ્ઞાનથી નક્કી કર્યું તો વચ્ચે જ્ઞાન તો આવી જ જાય છે. દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ રહેલા છે. દૃષ્ટિ રાખો, જ્ઞાન કાઢી નાખો તો નીકળશે નહિ કાંઈ, જ્ઞાન કાઢી નાખો તો એકલી દૃષ્ટિ રહેતી નથી. આત્મા અનંત ગુણોથી ભરેલો

અને અનંત અનંત ધર્મોથી ભરેલો છે. એમાંથી એક ગ્રહણ કરો, એક કાઢી નાખો તો વસ્તુસ્વરૂપ-વસ્તુને સાધી શકાતી નથી. એમાં બેય જાતનું લક્ષ રહેવું જોઈએ. ૩૩

* પ્રશ્ન : પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનું પુસ્તક છે, એમાં આમાં લખેલું છે ને 'કે સાધકનું જ્ઞાન હોય જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે તેમાં રાગ સમાય નહીં. એ તો રાગથી ભિન્ન સદા જ્ઞાયક જ છે.' હવે એમાં ક્યું કેવળજ્ઞાન અને સાધકનું જ્ઞાન જીવને એક કહ્યા તો કેવલજ્ઞાન હો કે સાધકનું જ્ઞાન હોય. કઈ અપેક્ષાએ એ જ્ઞાનને એક કહ્યા છે ?

● ઉત્તર : એ જ્ઞાન તો સમ્યક્ અપેક્ષાએ કહ્યું. કેવળજ્ઞાની તો લોકાલોક જાણનાર છે. એને તો પૂર્ણ જ્ઞાન પ્રગટ થઈ ગયું છે. સાધકને પૂર્ણ જ્ઞાન નથી પ્રગટ થયુ—કેવળજ્ઞાન તો વીતરાગદશા થઈ ગઈ છે, ને એને રાગનો તો ક્ષય થઈ ગયો. દ્રવ્યદૃષ્ટિપૂર્વક એને તો ચારિત્ર દશા થઈ અને કેવળજ્ઞાન પગટ થયું. સ્વપરને જાણનારું એવું જ્ઞાન એને પ્રગટ થયું. પોતાને પોતાના સ્વભાવમાં રહીને સહજ સ્વભાવે બધું જાણે છે. પણ કેવળજ્ઞાનીનું જ્ઞાન ને સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન એ તો એને સમ્યક્તાને હિસાબે એ કીધું છે. એ આ જે સમ્યક્ છે એ જ્ઞાયકની અપેક્ષાએ (છે.) કેવળજ્ઞાનીનું જ્ઞાન જ્ઞાયકને જાણનારું અને સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન પણ જ્ઞાયકને જાણે એની અપેક્ષાએ છે. બાકી સર્વ અપેક્ષાએ નથી. કેવળજ્ઞાનનું જ્ઞાન તો પ્રત્યક્ષ છે. આ સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન પ્રત્યક્ષ નથી. એ તો સ્વરૂપ પ્રત્યક્ષ છે. સર્વ પ્રત્યક્ષ નથી. સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન સર્વ પ્રત્યક્ષ નથી. એ જ્ઞાયકને જાણનારું. એ જ્ઞાયકની અપેક્ષાએ એક કીધું છે. સમ્યક્તા-સમ્યક્‌ને હિસાબે એક કીધું છે. પણ બધું પ્રત્યક્ષના હિસાબે એક નથી. (એ) અપેક્ષાએ લીધું છે. બેની અપેક્ષા સમજવાની. એનું દ્રવ્ય ને એનું દ્રવ્ય એક સરખું છે ને. સમ્યદૃષ્ટિને જ્ઞાન જે પ્રગટ થયું એ જ્ઞાયકને જાણનારું જ્ઞાન છે ને એ સમ્યક્ છે એ અપેક્ષાએ એક કીધું છે. એમ તો સિદ્ધ

ભગવાનનો અનુભવ ને સમ્યક્દષ્ટિનો અનુભવ એક જાતનો છે. સિદ્ધની જાત. પણ એ તો એક જાતની અપેક્ષાએ. આ તો અંશ છે. કેવળજ્ઞાન તો સર્વ સર્વાંશે પ્રગટ થયું છે. એનો અંશ અપેક્ષાએ કીધું. આ જ્ઞાન પણ એની જ્ઞાયકતાને જાણે છે ને સમ્યક્ છે માટે. પણ સર્વ અપેક્ષાએ નથી. કેવળજ્ઞાનીનું જ્ઞાન તો પ્રત્યક્ષ છે ને આ પરોક્ષ છે. એમાં અનુભવ સ્વાનુભૂતિની અપેક્ષાએ, સમ્યક્ની અપેક્ષાએ અને જ્ઞાયકની અપેક્ષાએ કીધું છે.

● વસ્તુનું સ્વરૂપ જેમ છે એમ જાણવાથી જે સત્ છે એ સત્‌રૂપે જાણવાથી એને અનુભવ કરવામાં મદદરૂપ થાય કારણ કે અનાદિની ભ્રાંતિ છે. જેમ સ્વરૂપ છે એમ જાણતો નથી. પર પદાર્થને પોતાનો માની રહ્યો છે. પરદ્રવ્ય ને પરદ્રવ્યના ગુણ એની પર્યાય બધું પોતારૂપ માને છે. અને બીજાને પોતારૂપ (માને છે.) એવી ભ્રાંતિ હોય, યથાર્થ જ્ઞાન ન હોય તો અનુભવ યથાર્થ થતો નથી. યથાર્થ જ્ઞાન વગર પોતે આગળ જઈ શકતો નથી. જે સત્‌નું સ્વરૂપ છે એવું જ એને જાણે તો જ એનો અનુભવ થાય. સત્ છે જે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્ જેમ છે, એમ યથાર્થ જાણે તો જ અનુભવ થાય. જેવું બીજ વાવે, એ આંબાનું બીજ હોય તો એના આંબા જ ઉગે ને આકોલિયાના બીજમાંથી કંઈ આંબા ન ઊગે, એમ યથાર્થ જ્ઞાન વગરનું યથાર્થ સ્વરૂપ પ્રગટ થતું નથી. એની દષ્ટિ રાખે પર ઉપર, સમજ્યા વગરનો એમ ને એમ તો એમાંથી કંઈ (ન થાય.) પોતે જે સ્વભાવ હોય એ સ્વભાવમાંથી સ્વભાવ આવે. સ્વભાવ જેમ છે એમ માને નહિ ને માન્યતા જૂઠી હોય અને જૂઠી માન્યતા જેની છે એનો પુરુષાર્થ પણ જૂઠો જ હોય. બધું જૂઠું એટલે એમાંથી કાંઈ અનુભવ થઈ શકે નહિ સ્વાનુભતિનો. યથાર્થ જ્ઞાન હોય તો જ યથાર્થ અનુભૂતિ થાય. યથાર્થ જ્ઞાન વગરની યથાર્થ અનુભૂતિ થાતી નથી. યથાર્થ જ્ઞાન વગર યથાર્થ ધ્યાન થાતું નથી. યથાર્થ જ્ઞાન વગર યથાર્થ

અનુભૂતિ પણ થાતી નથી. યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. એ સત્ જેવું છે, એવું જ એને જાણે તો જ એમાંથી પર્યાય પ્રગટ થાય અનુભૂતિની. જ્ઞાન વગરની યથાર્થ અનુભૂતિ થતી નથી. એ જાણે કે 'હું જુદો છું. આ મારું દ્રવ્ય. આ હું દ્રવ્ય આ રૂપે છું કે આ મારો જ્ઞાન સ્વભાવ છે. અને એમાં પરિણતિ થાય છે' એમ બરાબર યથાર્થ જાણે તો જ એ જાતનો પુરુષાર્થ ઉપડે છે. જ્ઞાન જુદું હોય તો પુરુષાર્થ જુદો થાય. જેવું દ્રવ્ય છે, એનું આલંબન લે અને એ ઈ તરફ જાય તો જ પુરુષાર્થ યથાર્થ થાય. ધર્મ બહારથી માને, બીજામાંથી આવે છે એવું માને. માન્યતામાં ભ્રમ હોય તો પુરુષાર્થ યથાર્થ થઈ શકતો નથી. સત્ છે એને સત્‌ને નિત્ય માને નહીં. સત્‌ને એકલી પર્યાય માને તો પણ પુરુષાર્થ સાચો થતો નથી. હું સત્ ત્રિકાળ સત્ છું. એમ માને તો જ એની દૃષ્ટિ ત્યાં થંભે અને પુરુષાર્થ ઉપડે. હું પરિણમન કરતો નથી, એમ પરિણમન સ્વભાવ હોવા છતાં 'નથી' એમ માને તોય પુરુષાર્થ નથી. યથાર્થ અનુભૂતિ થતી નથી. એને તો જ્ઞાન યથાર્થ હોવું જોઈએ. અને દૃષ્ટિ—પ્રતીત પોતે મુખ્ય થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, મુક્તિના માર્ગમાં દૃષ્ટિ મુખ્ય છે પણ જે અનાદિનો અજાણ્યો છે એને વચ્ચે જ્ઞાન આવ્યા વગર રહેતું જ નથી. જ્ઞાન યથાર્થ હોય તો જ આગળ જઈ શકે. જ્ઞાન વગર આગળ જઈ શકતો નથી. દ્રવ્યદૃષ્ટિ તો એની મુક્તિની પર્યાય શરૂ થાય એ દૃષ્ટિ મુખ્ય એમાં છે. મુક્તિનો માર્ગ જ્યાં શરૂ થાય, દ્રવ્ય પર દૃષ્ટિ કરે એ યથાર્થ દૃષ્ટિ હોય. દૃષ્ટિના અવલંબને એ આગળ જાય છે. પણ પહેલા શરૂઆતમાં જે અજાણ્યો છે એને જ્ઞાનનો વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી. દૃષ્ટિ એની મેળેમેળે કંઈ એમ થઈ જતી નથી. જ્ઞાનનો વ્યવહાર વચ્ચે આવે છે. એ દ્રવ્યનું જ્યાં આલંબન કર્યું ત્યાં મુક્તિના માર્ગમાં દૃષ્ટિ મુખ્ય અને જ્ઞાન સાથે રહે છે. જ્ઞાન તો સાથે ને સાથે રહે છે. પહેલાં એમ કહે મારે કંઈ જાણવું નથી. એક દૃષ્ટિ કરવી છે. પણ સમજ્યા વગર દૃષ્ટિ

કોની ઉપર કરવી? એ દૃષ્ટિ કેવી રીતે કરવી? જ્ઞાનનો વ્યવહાર તો વચ્ચે આવ્યા વગર રહેતો નથી. આત્માને ઓળખે તો એ તરફ દૃષ્ટિ જાય કે હું સત્તાજ્ઞાનસ્વરૂપ જ્ઞાયક આત્મા છું. એમ વિચારીને બરાબર જાણે કે 'હું સ્વતંત્ર દ્રવ્ય છું. કોઈ મને કરી શકતું નથી. હું અનાદિ અનંત છું. પર પદાર્થને હું નથી કરી શકતો. પર પદાર્થ મને નથી કરી (શકતો.') યથાર્થ જ્ઞાન થાય તો યથાર્થ દૃષ્ટિ. સમજ્યા વગર દૃષ્ટિ કેવી રીતે થાય? જ્ઞાન વચ્ચે આવ્યા વગર રહેતું નથી. વચ્ચે જ્ઞાનનો વ્યવહાર આવે છે

● બહેનશ્રી : શ્રુતજ્ઞાન વચ્ચે આવે છે પણ કેટલું શ્રુત જ્ઞાન? કેટલા મુનિઓને? કેટલા શ્રુતકેવળી કહેવાય છે. એકલું શ્રુતજ્ઞાન વચમાં આવે છે. તેથી શ્રુત ને કેવળજ્ઞાનમાં કંઈ ફેર નથી. પરોક્ષ ને પ્રત્યક્ષ સંવેદનની અપેક્ષાએ કીધું. આ જે શ્રુતજ્ઞાન શ્રુતજ્ઞાનીને હોય છે. એને પણ એમ જ કહેવાય છે પરોક્ષ, કેવળજ્ઞાનીનું જ્ઞાન પ્રત્યક્ષ. બાકી પરોક્ષ પ્રત્યક્ષનો ફેર છે. બાકી કેવળજ્ઞાની જેટલું જ શ્રુતકેવળી જાણે છે એમ કહેવાય છે. એટલું વચ્ચે આવે છે. પણ કામ તો માત્ર મોક્ષમાર્ગમાં દર્શન અને ચારિત્ર આ બે આવે છે. જ્ઞાન વચ્ચે કામ તો જ્ઞાનનું તો વચ્ચે હોય જ છે. પણ જ્ઞાન વિવેક કરે છે. એટલું એનું ઝાઝું જાણવાનું એ નહીં. વચ્ચે ભેદજ્ઞાનની ધારા. ભેદજ્ઞાન ક્યા સુધી ભાવવું? કે સ્વરૂપમાં સ્થિર ન થઈ જાય ત્યાં સુધી આવે છે. ભેદજ્ઞાન અતૂટ ધારાએ ભાવવું. એ ભેદજ્ઞાન વચ્ચે કામ કરે છે. એ ભેદજ્ઞાનની ઉગ્રતા એ જ્ઞાન એ કામ કરે છે. ભેદજ્ઞાનની ઉગ્રતા. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. ભેદજ્ઞાનની ઉગ્રતા ને લીનતા એમ એને ઉપમા દેવાય છે, પરોક્ષ. બાકી કેવળજ્ઞાનીનું પ્રત્યક્ષ છે. પછી કહે છે ને કે મારું ક્ષયોપશમ જ્ઞાન ક્યાં ને પ્રભુ! તમારું ક્ષાયિક ક્યાં? ને હું ક્યાં? અંતર્મુહૂર્તે મારો ઉપયોગ તો જાણી શકે. તમે તો એક સમયમાં જાણી શકો. હું ક્યાં? એનો ક્યાંય મેળ નથી. તમે તો અનંતુ. તમારું તો

અનંતુ ને મારું તો કેટલે ભાગે? એમ એ અપેક્ષાએ એમ કહેવાય છે શ્રુતજ્ઞાન. આ તો ક્ષયોપશમ ક્ષણેક્ષણે જાણનારું, બધું એક ઉપયોગ અંતર્મુહૂર્તે થાય ત્યારે જણાય, તમે તો એક સમયમાં જાણો. એ અપેક્ષાએ ઘણો ફેર, કેવળજ્ઞાનનું અનંત ને ક્ષયોપશમનું એક અંતર્મુહૂર્તમાં જાણનાર એટલે થોડું એને મેળ ન આવે એટલું એમ કહેવાય. બાકી એની મહિમા કહેવાય કે શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાની બેય સરખા છે એમ કહેવાય. શાસ્ત્રમાં શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન સંવેદનની અપેક્ષાએ આવે છે. પણ એ બેય અંદર લેવાય છે.

● બહેનશ્રી : એ જ્યાં સુધી આત્માને ઓળખે નહિ. આત્માની અંદર અનુભૂતિ થાય નહીં. અનુભુતિ થયા પછી પણ વચ્ચે આ શાસ્ત્ર સ્વાધ્યાય ને હોય છે. જ્યાં સુધી સ્વરૂપમાં પૂર્ણ લીનતા ન થાય, સ્વાનુભૂતિ ન થાય તેમ વચ્ચે એની ભૂમિકાની અંદર શાસ્ત્ર સ્વાધ્યાય, વાંચન, વિચાર બધું હોય છે. પણ એમાં ઝાઝું જાણવું જોઈએ ને ઝાઝું શાસ્ત્ર સ્વાધ્યાય હોય તો જ થાય એવો નિયમ નથી. પ્રયોજનભૂત જ્ઞાન હોવું જોઈએ. ૩૪.

✻ **પ્રશ્ન : અનુભવ થયા પછી પણ આ વસ્તુ ચાલુ રાખવી જોઈએ.**

● ઉત્તર : એ વસ્તુ તો હોય છે. વીતરાગ નથી થયો ત્યાંસુધી મુનિઓને પણ સ્વાધ્યાય હોય છે મુનિઓ પણ શાસ્ત્રો લખે છે છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. સ્વાનુભૂતિમાં અંતઃમુહૂર્ત લીન થાય. પાછા બહાર આવે, બહાર આવે ત્યારે શાસ્ત્ર સ્વાધ્યાય હોય, શાસ્ત્રો લખે, ઉપદેશ હોય, બધું હોય ને અશુભભાવો ગૌણ થયા ને શુભભાવમાં મુનિરાજો પણ રોકાતા હોય છે. ગૃહસ્થાશ્રમમાં તો એ હોય છે અને હજી જ્યાં કાંઈ આત્મા કોણ છે? શું છે? એની યથાર્થ નિર્ણય, પ્રતીત અંતરમાંથી થઈ ન હોય એને તો વચ્ચે શાસ્ત્ર સ્વાધ્યાય, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા બધું જ હોય છે પણ ધ્યેય એક આત્માનું હોવું જોઈએ કે મને શુદ્ધાત્મા કેમ ઓળખાય? આત્મા નિર્વિકલ્પ તત્વ

છે કેમ ઓળખાય? એને માટે ઝાઝું જાણે ને ઝાઝું બધું શાસ્ત્રનું જ્ઞાન હોવું જોઈએ એવું નથી હોતું પણ પ્રયોજનભૂત જ્ઞાન તો હોય જ છે. ૩૫.

* પ્રશ્ન : ચોવીસે કલાક મુક્તિનું ધ્યેય રાખીને કામ કરવું જોઈએ ?

● ઉત્તર : ધ્યેય એ શુદ્ધાત્મા કેમ ઓળખાય? એ ૨૪ કલાક એ જ ધ્યેય રાખવાનું આત્માનો મહિમા આવવો જોઈએ. આત્મા જ સર્વસ્વ છે. આ બધું નિઃસાર છે. આ પરપદાર્થમાં રોકાવું, વિભાવ અંદર રાગ ને દ્વેષ ને વિકલ્પ એ બધું મારું સ્વરૂપ નથી. આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. એ બધું નિઃસાર છે. સારભૂત આત્મા છે. એની મહિમા, એનો રસ એ બધું એવું હોવું જોઈએ. એવું ધ્યેય હોવું જોઈએ. આત્મા શુદ્ધાત્મા અનાદિ અનંત શાશ્વતો છે. આ બધું જે છે એ પર્યાય વિભાવ પર્યાય છે. મારું સ્વરૂપ નથી એવું ધ્યેય હોવું જોઈએ. એની સાથે એને વાંચન વિચાર અશુભ ભાવોથી બચવા માટે શુભ ભાવો વચ્ચે હોય છે. નહિતર અનાદિનો ક્યાંક તો ઊભો હોય છે. કાં અશુભમાં કાં શુભમાં, હજી શુદ્ધાત્મા તો પ્રગટ થયો નથી. શુદ્ધ પરિણતિ થઈ નથી. શુદ્ધાત્મામાં લીન થયો નથી એટલે કાં અશુભમાં કાં શુભમાં હોય છે. એટલે ગૃહસ્થાશ્રમમાં અશુભ ભાવોથી બચવા માટે શુભભાવ હોય છે. અને ધ્યેય એક શુદ્ધાત્માનું કે મને શુદ્ધાત્મા કેમ મળે? ૩૬.

* પ્રશ્ન : અનુભવ થયા પછી જેમ જેમ અંદર ઊંડો ઉતરતો જાય અનુભવના વિષયમાં, જીવ વધારે પકડ એની વધારે બને.

● ઉત્તર : અનુભવ થયા પછી તો એને માર્ગ મળી ગયો. એની દિશા આખી પલટાઈ ગઈ. એને ભેદજ્ઞાનની ધારા પ્રગટ થઈ ગઈ. એ બહાર હોય તો એને જ્ઞાયકની ધારા પ્રગટ હોય છે. ભેદજ્ઞાનની ધારા હોય છે. 'હું જ્ઞાયક'. દરેક કાર્યોમાં એને સહજપણે 'હું જ્ઞાયક' એ યાદ કરીને એને ગોખવું પડતું નથી. પણ દરેક વિકલ્પ આવે કે બહારના કાર્ય દરેક વખતે 'હું જ્ઞાયક'— જ્ઞાયક-જ્ઞાયકની ધારા

ચાલતી હોય છે. એની જ્ઞાયક તરફ પરિણતિ જાતી હોય છે અને અનુભૂતિ તો એને સહજ હોય છે. એ એની દશા પ્રમાણે થાય છે. પણ એની દશા એની દિશા આખી પલટાઈ ગઈ છે. એની અંતરની દશા પલટાઈ ગઈ છે. ૩૭.

*** પ્રશ્ન : વાંચન વિચાર કરતાં કરતાં એને અનુભવનો સ્વાદ આવે ખરો ?**

● ઉત્તર : વાંચન વિચાર તરફ ઉપયોગ હોય અને (અનુભવનો સ્વાદ આવે) એમ નહિ. એ વાંચન તરફથી ઉપયોગ પલટી જાય અને સ્વભાવમાં ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થઈ જાય તો અનુભૂતિ થાય. ઉપયોગ બહાર હોય ને અનુભૂતિ થાય એમ ન બને. ઉપયોગ અંતરમાં ચાલ્યો જાય. શાસ્ત્ર સ્વાધ્યાયમાં બેઠો હોય ભલે પુસ્તક ને બધું બહાર પડ્યું હોય પણ ઉપયોગ જો શાસ્ત્ર તરફ હોય તો સ્વાનુભૂતિ ન હોય. ઉપયોગ અંતરમાં ચાલ્યો જાય. ૩૮.

*** પ્રશ્ન : યથાર્થ જ્ઞાન એ તો એને સતત્ હોય જ છે. પણ ઉપરાંતમાં આ હિતરૂપ અને આ અહિતરૂપ, આ સુખરૂપ અને આ દુ:ખરૂપ આશ્રયની અપેક્ષાએ ? જે હિતરૂપ ..... હૈ, જે હિતરૂપ નથી તે મારાથી ભિન્ન, ઉત્પાદ, વ્યય પણ એ અપેક્ષાએ ભિન્ન લે છે કેમકે એનો આશ્રય કરવા જાય તો ત્યાં પણ એને વિકલ્પ ઉત્પન્ન થાય છે એટલે કે એને દુ:ખ ઉત્પન્ન થાય છે. એક જ્ઞાયકનો આશ્રય કરે તો એને જે પ્રયોજન પ્રાપ્ત કરવું છે, એ એને સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે. એ રીતે જીવનું બળ એની શ્રદ્ધામાં જે બળ આવે છે એ નિર્વિકલ્પકતા છે જ્ઞાનમાં તો ?**

● ઉત્તર : જ્ઞાનમાં તો વિચારણા કરવામાં કાંઈ વાંધો નથી દ્રવ્યનો આશ્રય લીધો. એક દ્રવ્ય જ આશ્રયરૂપ છે. પર્યાય તો આશ્રયભૂત નથી. પણ એને જ્ઞાનમાં ખ્યાલ છે કે દ્રવ્ય ને પર્યાય—બેય દ્રવ્યનું સ્વરૂપ છે, તે દ્રવ્ય જ છે. પણ જે શાશ્વત ટકનારું છે. એ પોતે આશ્રયરૂપ છે એ અને એ આશ્રય હિતરૂપ એ રીતે છે કે પોતે એનો

આશ્રય લેવા જાય એ પર્યાય નિર્મળ થાય. પણ જે ઉત્પાદ વ્યય થાય છે એ સર્વથા એ હિતરૂપ નથી. એને તો જ્ઞાનમાં ખ્યાલમાં હોવું જોઈએ કે એ સર્વથા અહિતરૂપ નથી ઉત્પાદ પણ નિર્મળ પર્યાયની છે અને એ નિર્મળ પર્યાય (નો આશ્રય) સુખરૂપ પણ નથી. કારણ કે એ પ્રગટ થાય એ સુખનું કારણ થાય છે. આનંદનું વેદન પર્યાયમાં આવે એ જ સુખનું કારણ છે. સર્વથા એ હિતરૂપ નથી. અમુક અપેક્ષાએ. અપેક્ષાએ. ૩૯.

**✻ પ્રશ્ન : આશ્રયની અપેક્ષાએ અથવા તો એનું લક્ષ કરવા જતાં જેટલા વિકલ્પ ઉત્પન્ન થાય છે, એવી સમજણપૂર્વક કે એને અહિતરૂપમાં લે છે.**

● ઉત્તર : તેમ કરવું તેનો આશ્રય કરવો ઈ હિતરૂપ નથી પણ દ્રવ્યનો આશ્રય કરવો તે જ કલ્યાણરૂપ, તે જ આશ્રયરૂપ છે. એમાંથી જ, એના આશ્રયથી જ બધું પ્રગટે છે. એમાં એ ગમે તે ભાષામાં આવે એ ખ્યાલ રહે કે, આ પર્યાય પણ એક નિર્મળ પર્યાય ચેતનમાં પ્રગટે છે એટલો એને ખ્યાલ રહેવો જોઈએ. ભેદજ્ઞાન કરે કે આ વિભાવ પર્યાય તે હું નથી એ તો મારો સ્વભાવ નથી અને એ ભેદજ્ઞાનનું જે જોર છે કે આ દ્રવ્ય ને આ વિભાવપર્યાય એ બેના સ્વભાવ ભેદ એનું દ્રવ્ય જે છે, એ દ્રવ્ય તો એકદમ જુદું પછી જે આ નિર્મળ પર્યાય ઈ કોઈ અપેક્ષાએ 'હું શાશ્વત' એનું ભેદજ્ઞાન એ એનાથી જે જુદું પડે ને એના જોરમાં ને ઓલા વિભાવથી જુદો એના જોરમાં, એ જોરમાં એ એને ખ્યાલ હોય છે. એ જોરમાં એને ફેર પડે છે કે ઓલું જોર તો એકદમ 'અત્યંત જુદો' એવું જોર આવે છે. અને ઓલું નિર્મળ પર્યાયમાં 'અત્યંત જુદો' એમ નથી આવતું. પણ એ અપેક્ષાએ અંશ છે. અને હું આ ત્રિકાળ છું. એમ જ હોય છે, એમાં હિત-અહિત ગમે ઈ પણ આશ્રય લેવો, એ આશ્રય ચૈતન્યનો આ આશ્રય લેવા યોગ્ય નથી. આશ્રય હિતનું કારણ નથી. ૪૦.

પ્રશ્ન : અસલી ભિન્નતા પહેલાં જ્યાં સુધી નથી આવતી, ત્યાં સુધી એમ લાગ્યા કરે છે કે ઈ કાંઈક ને કાંઈ અપેક્ષા પર્યાયની અપેક્ષા રહ્યા કરે છે તે અપેક્ષાએ છે ?

● ઉત્તર : એ ખ્યાલમાં બધું છે. ખ્યાલમાં હોય છે એટલે જોરમાં મુખ્ય છે. પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિમાં જોર એક 'આ હું ચૈતન્ય દ્રવ્ય તે હું છું'. એમાં બધી પર્યાયો એ સ્વયં સમાઈ જાય છે. દૃષ્ટિનું જોર એક દ્રવ્ય ઉપર જ રહે છે. પર્યાય ઉપર અનાદિનું છે એટલે પર્યાયની ભાજંગડ કર્યા કરે છે. આ પરિણામ આ પરિણામ એમ. ગુરુદેવ એમ જ કહેતા'તા કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર એટલે કે એનું બળ એકસરખું એમાં બળ. પરિણામની ભાજંગડમાં ઊભા ન રહે. એક 'હું જ્ઞાયક જ છું.' પછી એને એમ આવે કે 'આ મારું સ્વરૂપ નથી'. આ મારા પુરુષાર્થની મંદતાએ થાય છે એમ એની સાથે ને સાથે જ હોય છે. દ્રવ્યના જોરની સાથે ને સાથે એ એને જ્ઞાન કામ કર્યા કરે. ૪૧.

* પ્રશ્ન : આપની કૃપાથી ખરેખર કહું છું કે જ્ઞાન શ્રદ્ધાની સાથે જ્ઞાન સાથે ને સાથે રહે છે. એ જે આપે બેસાડ્યું છે એ એટલું બેસી ગયું છે કે હવે શ્રદ્ધાની ગમે તે વાત કરતાં હોય તે છતાં જ્ઞાનનો વિષય અને જ્ઞાનનું કાર્ય એ બન્ને રહ્યા કરે.

● ઉત્તર : એ બંને રહ્યા કરે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો બધો ગુંચવાડો નીકળી જાય. 'હું એક શાશ્વત દ્રવ્ય છું' એનું જોર આવે તો બધો ગુંચવાડો એનો ગૌણ થઈ જાય છે એકને લક્ષમાં લેવાથી બધું એમાં ભાંજગડ છૂટી જાય છે. (દ્રવ્યદૃષ્ટિ કર્યા પછી જ્ઞાનનું) આપે તો એમાં કંઈ નુકશાનનું કારણ નથી. દૃષ્ટિ અનાદિની પરિણતિ દ્રવ્યદૃષ્ટિના બળ વગર આગળ જઈ શકાતું નથી. એટલે ગુરુદેવે એકદમ દ્રવ્યદૃષ્ટિનું જોરથી એની દૃષ્ટિ આખી પલટાય એવા જોરથી કહેતા'તા. ઉપદેશમાં ને વસ્તુસ્વરૂપ દ્રવ્યદૃષ્ટિના જોરથી જ આગળ જવાય છે દ્રવ્યદૃષ્ટિના જોરની સાથે આ જ્ઞાનમાં ખ્યાલ હોવું જોઈએ.

કેટલાકને એકાંત થઈ જાય એટલે નુકશાનનું કારણ થાય છે. એટલે દ્રવ્યદૃષ્ટિનું જોર ઈ તો તો મુખ્ય છે. પણ એની સાથે આ હોવું જોઈએ. દ્રવ્યદૃષ્ટિનું જોર એ તો મુખ્ય છે. દ્રવ્યદૃષ્ટિનું જોર એ તો મુક્તિના માર્ગમાં હોય છે, પણ દ્રવ્યદૃષ્ટિના જોરમાં ઘણાને એકાંત થઈ જાય છે, એને ખ્યાલ રાખવા માટે. બેયનું ખ્યાલ રાખવું જોઈએ. દ્રવ્યદૃષ્ટિનું જોર બતાવ્યું એની સાથે બધું એમને સંબંધ કરીને એમના વ્યાખ્યાનમાં બધું આવે છે. પણ સૌની જે દૃષ્ટિ હોય, એ દૃષ્ટિ પ્રમાણે ગ્રહણ કરી લે. જોર વગર તો આગળ જઈ શકાતું જ નથી. પર્યાયને ગ્રહણ કરીને એમ એમ ક્યાંયે સ્થિર થઈ શકતો નથી. જ્ઞાન જાણે તો જોર તો એક દૃષ્ટિનું દ્રવ્ય છે. બધું ગૌણ થઈ જાય છે. પણ આ અપેક્ષાએ તે આ અપેક્ષા દ્રવ્ય તો દ્રવ્ય જ છે. એ જ્ઞાન એનો વિવેક કર્યા કરે છે. ૪૨.

✻ પ્રશ્ન : પ્રયોજનભૂતમાં નવતત્વ, છ દ્રવ્ય (જાણવા) ?

● ઉત્તર : એ આવી જાય છે. ૯ તત્વ, છ દ્રવ્ય બધું જ, પણ પ્રયોજનભૂત. તિર્યંચો એવા છે કે જેમને નવ તત્વોના નામ નથી આવડતા. છ દ્રવ્યના નામ નથી આવડતા. પણ એને ભાવ બધો આવી જાય છે. તિર્યંચોને શબ્દો નથી આવડતા. હું જીવ છું આ જાણનારો, આ અજીવ છે, હું પોતે પોતામાં પુરુષાર્થ કર તો. આ વિભાવ છે તે ટાળવા યોગ્ય એ આસ્રવ છે, એમાં ભાવ આવી જાય છે. પોતે પોતામાં સાધના કરે એમાં સંવર આવી જાય છે. પોતે વિશેષ ઉગ્રતા કરીને આગળ જાય એમાં નિર્જરા આવી જાય છે. બધાયનો ભાવ એને સમાઈ જાય છે તિર્યંચોને, મોક્ષ પૂર્ણ કેવળજ્ઞાન થાય પૂર્ણ મોક્ષ કેવળજ્ઞાન પૂર્ણ સ્વરૂપે 'હું સ્વરૂપમાં સમાઈ જાઉં છું,' બધા ભાવો એમાં સમાઈ જાય છે. પણ એ તો તિર્યંચ છે ને શબ્દો નથી આવડતા. ભાવ આવે છે. પણ પોતે જે મનુષ્ય છે ને ક્ષયોપશમ છે તો એ બધું જાણે, એમાં આ વધારે લાભનું કારણ થાય છે. એમાં આ પંચમ કાળમાં જ્યાં ત્યાં જીવ ભૂલ ખાતો હોય છે. પ્રયોજનભૂત

તત્વ જાણે એમાં ભૂલ થાતી હોય તો એમાં ચારે બાજુ જાણે તો લાભનું કારણ થાય છે. જીવ કોને કહેવાય? અજીવ કોને કહેવાય? આસ્રવ કોને કહેવાય? સંવર કોને કહેવાય? એ બધું સમજે તો લાભનું કારણ થાય. નિર્જરા કોને કહેવાય? બંધ મોક્ષ બધું જાણે તો લાભનું કારણ. એ પ્રયોજનભૂત છે બધું. છ દ્રવ્ય, નવ તત્વ, દ્રવ્ય-ગુણ-પર્યાય. બીજાનો બીજામાં, મારો મારામાં, હું જુદો છું. પરદ્રવ્ય મને કંઈ કરી શકતું નથી. હું બીજાનું કાંઈ કરી શકતો નથી. હું મારા ચૈતન્ય દ્રવ્યની પરિણતિ કરું, બીજાની કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એ બધું પ્રયોજનભૂત છે. ૪૩.

*** પ્રશ્ન : સમ્યક્દર્શન અનંત ગુણનો અંશ છે તો કેવળજ્ઞાનનો અંશ કેવી રીતે?**

● ઉત્તર : સર્વજ્ઞ ગુણાંશ તે સમ્યક્દર્શન છે. કેવળજ્ઞાનનો અંશ છે. મતિશ્રુત કેવળજ્ઞાનનો અંશ છે. જે જ્ઞાયક સ્વરૂપ આત્મા છે એ જ્ઞાન સ્વરૂપ આત્મા, એનો જે સમ્યક્ જ્ઞાનનો અંશ પ્રગટ્યો છે એ જ્ઞાનનો અંશ પ્રગટ થયો એટલે એમાં કેવળજ્ઞાન આવી ગયું. પ્રગટ કેવળજ્ઞાન નથી. એનો અંશ પ્રગટ થયો. કેવળજ્ઞાન એ જ્ઞાન છે. એનો ભેદ કાઢી નાખો. જ્ઞાનનો સમ્યક્ અંશ પ્રગટ થયો, કેવળજ્ઞાનનો અંશ છે. મતિશ્રુત કેવળજ્ઞાનને બોલાવે છે. આવે છે ને! એ પોતે એક શક્તિ કેવળજ્ઞાન શક્તિરૂપે છે. પણ સમ્યક્રૂપે પરિણમે એ કેવળજ્ઞાન એનો ભેદ કાઢી નાખો. જ્ઞાનનો અંશ એ કેવળનો અંશ જ છે. સમ્યક્ અંશ જે પ્રગટ થયો એ કેવળનો અંશ છે. ત્યાં શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન છે. એ અનેક જાતનાં શબ્દ આવે છે ને શ્રીમદ્માં—ઈચ્છા અપેક્ષાએ, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન છે.૪૪

*** પ્રશ્ન : જ્ઞાનમાં સ્વભાવનો અંશ રહેલો છે?**

● ઉત્તર : સ્વભાવનો અંશ જે પ્રગટરૂપ થયો એ પોતે પરિણતિ પોતા તરફની જ્ઞાયક સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે.

એમાં સમ્યક્રૂપે પરિણતિ-સ્વાનુભૂતિનો અંશ પ્રગટ્યો અંતરમાં, જે પોતાને જાણનારો અંશ પ્રગટ થયો, એ કેવળનો અંશ જ છે. મુખ્ય નય જે પોતે સમ્યક્નય પ્રગટ થયું તે સમ્યક્ અંશ પ્રગટ થયો તે કેવળજ્ઞાનનો અંશ છે. દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ અને એ તરફ જે જ્ઞાન ગયું તે જ્ઞાન પણ સમ્યક્રૂપે પરિણમ્યું. કેવળનો અંશ છે. મતિશ્રુતના ભેદ કાઢી નાખવા. એક જ્ઞાયક, 'આ જ્ઞાનપદ પરમાર્થ છે તે પામી જીવ મુક્તિ લહે.' જ્ઞાન પદે એ જ્ઞાયક. એનો જે અંશ પ્રગટ થયો એ કેવળનો અંશ છે. કેવળજ્ઞાન પણ એક ભેદ છે, જ્ઞાનનો અંશ છે. જે અંશ પ્રગટ થયો એ પૂર્ણતા લાવવાનો છે. ૪૫.

*** પ્રશ્ન : જે અંશ પ્રગટ થયો તે પૂર્ણતા લાવવાનો છે. વર્તમાનમાં જે સ્વભાવ છે એને ?**

● ઉત્તર : એ સ્વભાવ છે જે એ પૂર્ણ છે. પૂર્ણને એણે દૃષ્ટિમાં લીધો છે. ને જ્ઞાનમાં લીધો છે. પૂર્ણને દૃષ્ટિમાં લીધું છે, પૂર્ણને જ્ઞાનમાં લીધું છે. ભલે પ્રત્યક્ષ નથી પણ પરોક્ષમાં એણે જ્ઞાનમાં લીધું છે. એનું વેદન પ્રત્યક્ષ છે. એનું જ્ઞાન પ્રત્યક્ષ નથી ભલે, પણ પરોક્ષમાં એણે પૂર્ણને જ્ઞાનમાં લઈ લીધું છે. પૂર્ણરૂપે નથી પણ પરિણતિરૂપે છે. ૪૬.

*** પ્રશ્ન : આમ તો એને કેવળજ્ઞાન હાથમાં આવી ગયું એમાં એ કોઈ અપેક્ષાએ.**

● ઉત્તર : કેવળજ્ઞાન હાથમાં આવી ગયું છે દૃષ્ટિ અપેક્ષાએ, જ્ઞાન અપેક્ષાએ કેવળજ્ઞાન હાથમાં આવી ગયું છે. ૪૭.

**પ્રશ્ન : દૃષ્ટિનો વિષય અને જ્ઞાનનો વિષય એક સ્વભાવ જ છે?**

ઉત્તર : એક જ વિષય છે એમાં. પછી બહારમાં પરને ગ્રહણ કરવા જતો નથી. એક જ એનો એક દૃષ્ટિનો વિષય એક જ્ઞાયકને ગ્રહણ કરવાનો છે. જ્ઞાન તો બધું જાણે છે. જ્ઞાન પોતાને ગ્રહણ કરે છે. જ્ઞાન બીજાને જાણે છે. ઈ તો જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે. તે પોતાનો દૃષ્ટિએ જે વિષય કર્યો તે જ્ઞાન જાણે છે. એને પણ ગ્રહણ કરે

છે. પર્યાયને પણ જાણે છે. બધું જ્ઞાનનો જાણવાનો વિષય છે. ચારિત્રની લીનતાનું કાર્ય છે. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. શ્રદ્ધા તો એક ગ્રહણ કરે છે. એક દ્રવ્યને બળ એક શ્રદ્ધાનું બળ કે આ 'હું' છું એમ. ૪૮.

**✻ પ્રશ્ન : સ્વરૂપના ગ્રહણપૂર્વક, પરના ત્યાગપૂર્વક જ્ઞાન હોવું જોઈએ.**

● ઉત્તર : ભાવનાનું, જેવી શ્રદ્ધા છે એવું જ જ્ઞાન છે. જ્ઞાન બહાર જાય તો જ્ઞાન એમાં એકત્વતા કરતું નથી પર સાથે. જ્ઞાન જાણે છે જ્ઞાયકને જ. જ્ઞાન કંઈ એની સાથે જ્ઞેય સાથે એકત્વ થાતું નથી. જ્ઞાન જુદું રહીને જાણે છે. જેવી શ્રદ્ધા-શ્રદ્ધા જે તરફ ગઈ એ તરફ જ જ્ઞાન છે. જ્ઞાન બહાર જાય તો જ્ઞેયમાં એકત્વ થાતું નથી. જ્ઞાન જુદું રહીને જાણે છે. જ્ઞાન પણ એ જ જાતનું રહે છે. જાણે તો પણ એ જુદો રહીને જાણે છે. ચારિત્ર પણ એવી રીતે, ચારિત્ર પણ અસ્થિરતા થાય તો પોતાના સ્વરૂપની મર્યાદા છોડીને અસ્થિરતા થાતી નથી. એ તો પેલી શ્રદ્ધા છે. એ જ જાતનું જ્ઞાન એ જ જાતનું ચારિત્ર છે. એ બહાર આવે તો સ્વરૂપની મર્યાદા છોડીને અસ્થિરતા થાતી નથી. બહાર જ્ઞાન આવે તો જ્ઞાન પોતે જ્ઞેયથી જુદું રહે છે. ઉપયોગ બહાર જાય તો જ્ઞેયથી જુદું રહીને જ્ઞાન જાણે છે. ૪૯.

**✻ પ્રશ્ન : જે જુદું રહે છે જ્ઞાન એ જ સ્વરૂપના ગ્રહણપૂર્વક એકત્વ કરે છે ?**

● ઉત્તર : એ સ્વરૂપના ગ્રહણપૂર્વક છે. એકત્વ કરે છે. ૫૦.

**✻ પ્રશ્ન : જ્ઞેયથી તો જુદું જ્ઞાન એ બરાબર. પણ ગુણભેદ ને પર્યાયભેદને પોતાપણે જાણે ?**

● ઉત્તર : જુદું રહીને જાણે છે. અને પોતાને જે દ્રવ્ય ગ્રહણ કર્યું, એ જ્ઞાનમાં છે. ગુણોનું ને પર્યાયનું સ્વરૂપ બધું જાણે છે. પણ એ વારેવારે વિકલ્પ કરીને જાણતું નથી. એને જ્ઞાનમાં નક્કી થઈ ગયું કે આ ગુણભેદ પર્યાયભેદ જાણી લીધું અને આ દ્રવ્ય છે, દ્રવ્યને

ગ્રહણ કરી લીધું. જ્ઞાનમાં જાણે છે, પણ બધું જુદું રહીને જ્ઞાયક રહીને જાણે છે. ૫૧.

*** પ્રશ્ન : કેવળ જ્ઞાયકને સ્વપણે, પણ ગુણભેદ અને પર્યાયભેદ (પ્રશ્ન અસ્પષ્ટ છે) સ્વપણે જાણે છે?**

● ઉત્તર : સ્વપણે એટલે ગુણ ને પર્યાય મારાં સ્વરૂપમાં છે અભેદપણે પણ એ સ્વરૂપમાં છે એ કેવી રીતે છે? એમ જ્ઞાન જાણે છે ગુણભેદ અને પર્યાયભેદ ઈ ભેદના કટકા નથી. પણ ઈ લક્ષણભેદ ને અંશ ને અંશી એવી રીતે ભેદ છે. પણ ઈ કેવી રીતે ગુણ અને કેવી રીતે પર્યાય છે? એનું સ્વરૂપ જેમ છે એમ જાણે છે. એને એમ કટકા કરીને નથી જાણતું જ્ઞાન, જેમ છે એમ. જેવું છે એવું એમ જાણે છે. પર્યાયને પર્યાયરૂપે, દ્રવ્યને દ્રવ્યરૂપે, ગુણને ગુણરૂપે જેમ છે એમ જાણે છે. ૫૨

*** પ્રશ્ન : જાણવા છતાં એના જ્ઞાનમાં અજ્ઞાનપણું નથી આવી જતું.**

● ઉત્તર : જાણવા છતાં જ્ઞાનમાં અજ્ઞાનતા થાતી નથી. સાચું જાણવાથી અજ્ઞાનતા ક્યાંથી આવે? ખોટું જાણે તો અજ્ઞાનતા છે. સાચું જાણે એમાં જાણવું એનો સ્વભાવ છે. સાચું જાણવામાં અજ્ઞાનતા નથી. સમ્યક્ જાણ્યું છે. ખોટું જાણે તો અજ્ઞાનતા છે. પર્યાય ને દ્રવ્ય જાણે, એક અંશને બધું જાણે, બધું જાણે, એમ વિભાવને પોતાનો સ્વભાવ જાણે એવું જાણે તો ખોટું થાય. ૫૩.

*** પ્રશ્ન : ચારિત્રની મર્યાદા છોડીને જ્ઞાન એકત્વ થાતું નથી એટલે? (પ્રશ્ન અસ્પષ્ટ છે) શ્રદ્ધા સમ્યક્ છે એટલે બધું સમ્યક્ છે ?**

● ઉત્તર : બધું સમ્યક્ છે. શ્રદ્ધા સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌ચારિત્ર બધું સમ્યક્ છે. પોતા તરફ ગયો એટલે આખી લાઈન ફરી ગઈ. બધું સમ્યક્ છે. જ્ઞાન ને ચારિત્રનું એવું સ્વરૂપ છે કે બધું જાણે જ્ઞાન અને ચારિત્રમાં અસ્થિરતા છે અમુક. કેટલીક અસ્થિરતા છે હજી, પુરુષાર્થની મંદતા છે એટલે થાય છે. બાકી છે બધું. મિથ્યાચારિત્ર

નથી. મિથ્યા જ્ઞાન નથી. શ્રદ્ધા તો સમ્યક્ છે એટલે બધું સમ્યક્ થઈ ગયું છે. ૫૪.

**✻ પ્રશ્ન : જ્ઞાન જાણે વસ્તુ એમાં ઇષ્ટ અનિષ્ટ ના કરવું, ઇ પકડાય છે અને આપણે જે વસ્તુ જાણીએ છે એટલું જ્ઞાન પકડાય છે. પણ પછી અંદર જે પૂર્ણ જ્ઞાન છે ઈ કેવી રીતે પકડવું?**

● ઉત્તર : જ્ઞાન છે એ જાણનારો છે એ જ્ઞાયક છે પણ પૂર્ણ જ્ઞાન તો એને વિચાર કરીને નક્કી થાય. પૂર્ણજ્ઞાન તો પ્રગટ નથી. શક્તિમાં છે. પહેલા એમ નક્કી કરે કે જાણનારો છે. હવે જાણનારો એક તત્વ છે અનાદિથી છે. હવે જાણનાર છે એ જાણનાર તત્વ એવું હોવું જોઈએ કે એમાં પૂરું જ જાણે, કંઈ અધૂરું જાણે નહિ. આ જડ છે એ કંઈ જાણતું નથી. તો એમાં જાણવાનો કોઈ અંશ એમાં નથી, એકદમ જડ છે. પણ જેમ આ જડ વસ્તુ એમ જાણનાર એક વસ્તુ છે. જે જાણનાર વસ્તુ હોય એમાં કંઈ ન જાણવું એવું ન આવે. જો જાણે તો પુરું જાણે. એમાં પૂરું જાણવાની શક્તિ છે. પણ એ અત્યારે રાગદ્વેષની ભ્રાંતિમાં રોકાઈ ગયો છે. એટલે ઈ પૂરું જાણી શકતો નથી પણ એનો જ્ઞાનસ્વભાવ નાશ પામ્યો નથી પણ એને ઓછું અધૂરું થઈ ગયું છે. શક્તિમાં પુરું છે. શક્તિમાં પુરું જાણવાની એનામાં શક્તિ છે. કંઈ ન જાણે એવું એમાં નથી. જે જાણવાનો સ્વભાવ એમાં પૂરું જાણે. એમાં અધૂરાશ નથી. એમ પોતે એનો સ્વભાવ ઓળખીને, તત્વ ઓળખીને નક્કી કરે. પુરું જાણવાનું કાર્ય તો અત્યારે એને નથી પણ શક્તિ એની એવી છે કે એ પૂરું જાણી શકે. જે જાણનાર તત્ત્વ છે, જે તત્ત્વ જાણનાર છે એ અધૂરું ન જાણે, પુરું જાણે. એમાં કંઈ ન જાણવું એવું ન આવે તો એનો જાણવાનો સ્વભાવ જ ન કહેવાય. જેનો જાણવાનો સ્વભાવ હોય એ પૂરેપૂરું જાણે એ સ્વભાવની કોઈ મર્યાદા ન હોય, કે આટલું જાણ્યું ને આટલું જાણ્યું. જે સ્વભાવ હોય તે પૂરેપૂરું જાણે, એમાં નહિ જાણવાનો ભાવ ન આવે. પૂરેપૂરું જાણે, એવો એનો સ્વભાવ છે. એ પોતે નક્કી કરે

તો થાય. એમ યુક્તિ અને એ યુક્તિથી બરાબર એ યથાર્થ છે. કે પૂરું જ જાણે. અધૂરું નહિ જાણે. જડમાં કોઈ જાણવાનો ભાવ નથી. ને જાણનારમાં કંઈ નહિ જાણવાનો ભાવ નથી. પૂરેપૂરું જાણે છે. આખું લોકાલોક જાણે એક સમયમાં જાણે અને ક્રમ પાડ્યા વગર સહજ જાણે એવો એનો સ્વભાવ છે. ૫૫.

* પ્રશ્ન : પરને પણ જાણે ?

● ઉત્તર : બધું જાણે. પરને જાણે, સ્વને જાણે બધું જાણે. દ્રવ્ય ગુણ પર્યાય બધું જાણે. બીજા અનંતા દ્રવ્યો છે એને જાણે. અનંતા જડ દ્રવ્ય છે એને જાણે, પુદ્‌ગલને જાણે. પુદ્‌ગલના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે, પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે, ગયો કાળ વીતી ગયો એને જાણે, વર્તમાન જાણે. ભવિષ્ય જાણે, બધું જાણવાની એક સમયમાં એનામાં શક્તિ છે. પણ એ વીતરાગ થાય તો જણાય. એમાં રાગદ્વેષમાં રોકાયેલો છે એટલે એનું જાણવાનું રોકાણું છે એક એકમાં રોકાઈ ગયો છે. એક જાણે ત્યાં બીજું ભૂલે. બીજું, એનું કારણ એ રાગમિશ્રિત જાણે છે. જ્યાં જાણે ત્યાં રાગ કરે છે. દ્વેષ કરે છે. રાગદ્વેષને લઈને અને 'જ્ઞેય તે હું ને હું તે જ્ઞેય, એમ પોતે જુદો રહેતો નથી ને ભેગો ભળી જાય છે. એટલે એનું જાણવાનું રોકાઈ ગયું છે. વીતરાગ થાય તો પૂરેપૂરો વીતરાગ થાય તો પૂરેપૂરું જાણે. રાગદ્વેષને લઈને રોકાણો છે. પણ તોયે એનો સ્વભાવ એવો છે કે એ ગમે એવા નિગોદમાં ગયો હોય, એટલી બધી શક્તિ ઘટી ગઈ તોયે એનું જાણવાનું નાશ પામતું નથી. જાણવાનું એનું થોડું તો ઊભું જ રહે છે. એવો એનો જાણવાનો કોઈ નાશ થઈ શકતો નથી. બધું જાણે એક સમયની અંદર કોઈના આશ્રય વગર. કાનથી જાણે કે આંખથી દેખે એમ નહીં પણ અંદરથી જાણે, આત્મામાંથી જાણે. એવો એનો સ્વભાવ છે. નહિ જાણવાનું કારણ રાગદ્વેષ અને ભ્રાંતિને લઈને નથી જાણતો. એટલે એનું જાણવાનું રોકાઈ ગયું છે. પરને ન જાણે અને પોતાને જ જાણે તો એનો સ્વભાવ સંકુચિત થઈ ગયો. એનો

સ્વભાવ જે અનંત સ્વભાવ છે એ સંકુચિત થઈ ગયો છે. પોતાને, પરને બધાને જાણે છે પણ એ જુદો રહીને જાણે છે. ભેગો થતો નથી. ૫૬.

**✻ પ્રશ્ન : આ જે જણાય છે એ જાણનાર હું છું એમ પોતાની અવલોકન શક્તિને એ બાજુ એને વાળવી પડે છે કે એના ખ્યાલમાં સીધે સીધું એ રીતે આવે છે? કેવી રીતે?**

● ઉત્તર : આ જણાય ઈ જાણનારો એમ નહીં. 'હું' સ્વયં જાણનારો છું. સ્વયં જાણનારો જ્ઞાયક છું. આ બહારનું જણાય એ જાણનારો એ 'હું' એમ નથી. હું સ્વયં જાણનારો છું. જે અત્યાર સુધી નાનપણથી મોટો થયો એમાં જે જે ભાવો આવ્યા, એમાં હું સ્વયં જાણનારો છું. એ જાણનારો એમ ને એમ છે. એ ભાવો, પર્યાયો બધી ચાલી ગઈ. બધા સંકલ્પ વિકલ્પ ચાલ્યા ગયા તો જાણનારો તો એમ ને એમ છે. જાણનારો બધું પોતે લક્ષમાં લઈ શકે છે. ગુરુદેવ આગળ શું સાંભળ્યું, શું જિજ્ઞાસા, શું ભાવના એ બધા જાણનારો તો જાણનારો જ છે. સ્વયં જે જાણનારો છે એ જાણનાર જ 'હું' છું. આ જણાય તે 'હું' એમ નહિ. સ્વયં જાણનારો, સ્વયં જ્ઞાયક સ્વતઃસિદ્ધ શક્તિ મારી જાણવાની છે અનાદિ અનંત. જ્ઞેયને જાણું છું માટે જાણનારો એમ નહિ. સ્વયં જાણનારો જ છું. સ્વયં જાણનારો. ચૈતન્ય શક્તિ. મારી સ્વયં જાણવાની શક્તિ. સ્વયં જાણનારો છું એ આ જ્ઞાનલક્ષણ છે. એ જ્ઞાનલક્ષણ, જ્ઞાનલક્ષણ દ્વારા આખો જ્ઞાયક પકડી લે છે. જ્ઞાનલક્ષણથી એ ગુણ જાણે છે એમ નહિ. પણ સ્વયં જ્ઞાયક છું. સ્વયં આખો જાણનારો દ્રવ્ય હું જાણનારો છું. ૫૭.

**✻ પ્રશ્ન : જે પોતે જ્ઞાનદશા ઉપરથી આ સ્વયં મારામાંથી ઉત્પન્ન થઈને આવી હું વસ્તુ છું ત્યાં સુધી એનું જ્ઞાન લંબાઈ જાય છે?**

● ઉત્તર : એનું જ્ઞાન લંબાઈ જાય. પણ સ્વયં જ્ઞાયક વસ્તુ જ છું. એમ જાણનારો, અખંડ જ્ઞાયક જાણનારો છું.

● અતીન્દ્રિયજ્ઞાનમેં પ્રત્યક્ષ જ્ઞાતા જ્ઞાયકકા વેદન હોતા હૈ. અતીન્દ્રિયજ્ઞાનમેં, પીછે પૂર્ણ અતીન્દ્રિયજ્ઞાન હોતા હૈ. ૫૮

✻ પ્રશ્ન : શ્રુતજ્ઞાનસે જો આત્માકો જાને ઔર કેવળજ્ઞાનસે આત્માકો જાને ઉસમેં ક્યા ફેર હૈ ?

● ઉત્તર : શ્રુતજ્ઞાનસે જાનતા હૈ વો સ્વાનુભૂતિ પ્રત્યક્ષ હૈ વો કેવળજ્ઞાન પ્રત્યક્ષ હૈ. વો મતિશ્રુતમેં કોઈ અપેક્ષાસે પરોક્ષ કહનેમેં આતા હૈ પણ સ્વાનુભૂતિ પ્રત્યક્ષ હૈ. મતિજ્ઞાનમેં અંશ ઔર જરા મનકા અબુદ્ધિપૂર્વક રહેતા હૈ ઈસલિયે પરોક્ષ, પણ સ્વાનુભતિ પ્રત્યક્ષ હૈ. મતિ-શ્રુત પ્રત્યક્ષ હૈ. કેવળજ્ઞાન તો ઈસકા મનકા અવલંબન ભી નહીં હૈ તો પ્રત્યક્ષ જ્ઞાયક, પ્રત્યક્ષ જ્ઞાતા હો ગયા. પ્રત્યક્ષ પરોક્ષકા ભેદ પડતા હૈ પણ વો સ્વાનુભૂતિ પ્રત્યક્ષ હૈ મતિશ્રુતમેં. ૫૯.

✻ પ્રશ્ન : જ્ઞાન જ્ઞાનમાંથી આવતું હોય તો શાસ્ત્ર વાંચવાની જરૂર શું કામ?

● ઉત્તર : જ્ઞાન તો જ્ઞાનમાંથી જ આવે છે. જેમાં હોય તેમાંથી આવે, કાંઈ બહારથી નથી આવતું. પણ પોતાની એટલી જ્યાં અંતરમાં પોતાની એટલી શક્તિ નથી કે જ્ઞાનમાંથી જ્ઞાન. આવે છે જ્ઞાનમાંથી પણ શાસ્ત્ર નિમિત્ત હોય છે. ઉપાદાન પોતાનું પણ એમાં શાસ્ત્ર નિમિત્ત બને છે. વસ્તુનો સ્વભાવ પોતે જાણ્યો નથી. શું છે? ભગવાન શું કહી રહ્યા છે? વસ્તુસ્વરૂપ શું છે? મુક્તિનો માર્ગ શું છે જેનો આચાર્ય જે કહી ગયા છે. મહા મુનિવરો, ગુરુદેવે જે માર્ગ બતાવ્યો, ભગવાનની વાણી દિવ્યધ્વનિમાં એવું આવ્યું છે, આચાર્યોએ શાસ્ત્રમાં લખ્યું છે, શાસ્ત્ર નિમિત્ત બને છે. ઉપાદાન પોતાનું, પોતે માર્ગ જાણ્યો નથી અનાદિનો, ભ્રાંતિમાં પડ્યો છે. કેવી રીતે મુક્તિનો માર્ગ શું એ ખબર નથી. શાસ્ત્ર નિમિત્ત બને છે. જ્યાં સુધી પોતે અંતઃ વસ્તુસ્વરૂપ જાણતો નથી ત્યાં સુધી શાસ્ત્રનું નિમિત્ત હોય છે. પણ એને ખ્યાલમાં એવું રાખવું જોઈએ કે માત્ર શાસ્ત્રથી

થાતું નથી. થાય છે તો પોતાના જ્ઞાનથી. શાસ્ત્ર તો નિમિત્ત છે. શાસ્ત્ર કંઈ કહેતું નથી કે તું જાણ, પણ જાણે છે પોતાથી પણ શાસ્ત્રો નિમિત્ત બને છે. ગુરુદેવ વાણી વરસાવતા'તા. ગુરુદેવની વાણી પ્રબળ નિમિત્ત હતી, પણ જ્ઞાન તો પોતે જાણે તો થાય ને! એકસરખી ગુરુની વાણી વરસતી હતી પણ ગ્રહણ તો પોતાને કરવાનું છે. જેવી જાતની લાયકાત હોય તે પ્રમાણે ગ્રહણ કરે છે. પણ ઉપાદાન પોતાનું. નિમિત્ત ગુરુની વાણી ને આચાર્યો, શાસ્ત્ર નિમિત્ત બને છે એ તો મહાન નિમિત્ત છે. અનાદિકાળનો અજાણ્યો માર્ગ પોતે પણ ક્યાંયે ક્યાંયે ખોટા ખોટામાં માર્ગમાં ક્યાંય (અટવાતો હોય છે). કેવી રીતે મુક્તિ થાય? કેવી રીતે વસ્તુનું સ્વરૂપ સ્વાનુભૂતિ કેમ થાય? ખબર નથી. માટે આચાર્ય ને ગુરુ બધા માર્ગ બતાવી રહ્યા છે. એ નિમિત્ત બને છે. અનાદિકાળથી માર્ગ જાણ્યો નથી તો એક વાર દેવ ને ગુરુની વાણી એને કાને પડે ત્યારે અંદરથી દેશનાલબ્ધિ થાય છે. ગ્રહણ કરે છે પોતાથી પણ નિમિત્ત નૈમિત્તિક એવો સંબંધ નિમિત્ત બને છે. ગુરુ ને આચાર્યની વાણી (નિમિત્ત બને છે.) ૬૦.

* **પ્રશ્ન : કર્મના ક્ષયોપશમથી પર્યાયમાં એ ભાવ જીવ કરે. (પ્રશ્ન અસ્પષ્ટ છે)**

● ઉત્તર : સૂર્યના કિરણોને એ આવે છે એમાં જે જ્ઞાન છે એ જ્ઞાનને જ ગ્રહણ કરો. જે ક્ષયોપશમના જે ભેદો છે તે ભેદોને ગ્રહણ નહિ કરતાં એ જ્ઞાન માત્ર 'હું' જ્ઞાયક છું. એને ગ્રહણ કરો. એના એ જે પ્રકાશના જે કિરણો હીનાધિકતાવાળા છે એ કાંઈ એનું મૂળ નથી. મૂળ નથી. મૂળ તો એનું, તળ જે મૂળ છે. એ જ્ઞાયકતા ગ્રહણ કરો. એ જ્ઞાનપદને ગ્રહણ કરો. ઓલા તો પરના નિમિત્તે અથવા પોતાના ઉઘાડને ઓછા વધારેને કારણે એ મતિશ્રુત અવધિ બધું દેખાય કે કેવળજ્ઞાન સુધી દેખાય. પણ એનું મૂળ જે એનું અસ્તિત્વ છે જ્ઞાયકતા એ ગ્રહણ કરે. એ જ્ઞાન પદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે...

એ બધા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ એ બધા છે તે એના ભેદો છે. પણ એનું મૂળ શું? પ્રકાશના કિરણો બધા દેખાય પણ એનું આખું જોર તો એનું આખું તે સૂર્ય છે. એ સૂર્ય ક્યાં છે? એ સૂર્યને ગ્રહણ કરવા જેવું છે. એ વાદળાની અંદર એ કિરણો આવ્યા ક્યાંથી? એનું તળ ક્યાં છે? એ કિરણો જે દેખાય એની પાછળ શું છે? કે આખું અસ્તિત્વ આખું ચૈતન્ય ને આખી જ્ઞાયકતા ભરેલી છે. એ જ્ઞાયકતાને ગ્રહણ કરવાની છે. ૬૧

*** પ્રશ્ન : પર્યાય આવે છે એ બરોબર. પણ જ્યારે જેમ રાગ પહેલા જણાતો હતો એમ જ્ઞાનની પર્યાય જણાય છે પછી એમાંથી જ્ઞાનસ્વભાવ જણાય છે કે સીધો જ્ઞાનસ્વભાવ જણાય છે.**

● ઉત્તર : જ્ઞાનની પર્યાય ભલે જણાય પણ જ્ઞાન સ્વભાવ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. પર્યાય ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો પણ જ્ઞાયક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એ જે અંશ દેખાય છે એ અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરો. કે આ 'જે અંશ એ ક્ષણે ક્ષણે ક્ષણે દેખાય તે હું' એમ પ્રયત્ન ન કરવો પણ એ જાણનારો કોણ છે? આવી જાણનારની શક્તિ ધરાવનારો કોણ છે? એ દ્રવ્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. જે ક્ષણે ક્ષણે જાણી રહ્યો છે, જે ક્ષણે ક્ષણે બધાનું જ્ઞાન કરી રહ્યો છે, જે ભાવો ચાલ્યા ગયા એ ભાવોનુંય જ્ઞાન કરનારો છે, જે બધાનું જે જ્ઞાન કરનારો છે, એ જ્ઞેયોનું જ્ઞાન કરનારો શક્તિવાન કોણ છે? એને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આ જાણ્યું, આ જાણ્યું એ પર્યાય ગ્રહણ કરવાનો પ્રયત્ન નહિ કરતા જ્ઞાન અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. પર્યાયથી ગ્રહણ ન થતાં એ તેના લક્ષણથી ગ્રહણ થાય છે. પર્યાય વચ્ચે આવે છે. પર્યાય ઉપર દૃષ્ટિ છોડીને જ્ઞાન ગ્રહણ કરવું. ૬૨

*** પ્રશ્ન : શાસ્ત્રજ્ઞાનથી નીવેડો નથી પણ અનુભુવજ્ઞાનથી નીવેડો છે. એમાં અનુભવ કર્યો ને જાણે શાસ્ત્ર ન જાણેલું હોય તો પણ ચાલે?**

● ઉત્તર : એમાં શાસ્ત્ર એને આવી જાય છે. અનુભવજ્ઞાનથી નીવેડો છે જે શાસ્ત્રનું રહસ્ય હોય એ અનુભૂતિમાં એને આવી જાય છે. પછી શાસ્ત્ર જાણ્યા હોય તે કંઈ નુકશાનરૂપ નથી. પણ કદાચ શાસ્ત્રના વિશેષ શબ્દો ન આવડતા હોય, તો પણ એમાં શાસ્ત્રનું રહસ્ય આવી જાય છે. શાસ્ત્ર જે કહે છે કે દ્રવ્યદષ્ટિ કર, ભેદજ્ઞાન કર, અનુભૂતિ કર. એ એને અનુભૂતિ આવી ગઈ તો એમાં શાસ્ત્રનું રહસ્ય આવી ગયું કારણ કે એને ભેદજ્ઞાન દ્વારા ને દ્રવ્યદષ્ટિ દ્વારા જ અનુભૂતિ થાય છે. એમાં જ્ઞાયકસ્વભાવને ઓળખવાથી અનુભૂતિ થાય છે. શાસ્ત્રનું રહસ્ય એમાં આવી જાય છે. શાસ્ત્ર જાણ્યા હોય તો એમાં એને કંઈ નુકશાન નથી અને ન જાણ્યા તો પણ એમાં આવી જાય છે શાસ્ત્ર. જે ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે મુક્તિનો માર્ગ કેવો, એ એની અનુભૂતિમાં પ્રગટ થયો (છે.) એમાં એ આવી જાય છે. યુક્તિ-આગમ-અનુભૂતિ એ બધા એમાં ભેગું આવી જાય છે. અનુભવ કર્યો એમાં બધું આવી જાય છે. શિવભૂતિ મુનિ કંઈ જાણતા નહોતા. ગુરુએ કીધું કે તુષમાષ તો એ ભૂલી ગયા. ને પછી ઓલા દાળ ને ફોતરા જુદા પાડતા હતા એનો આશય ગ્રહણ કરી લીધો ભેદજ્ઞાનનો એમાં અંદર જ્ઞાયકમાં ચઢી ગયા તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થયું એટલે અર્થ ગ્રહણ કરી લીધો તો શાસ્ત્ર, ગુરુએ કીધું એનું રહસ્ય ગ્રહણ કરી લીધું. એમાં શાસ્ત્ર આવી ગયા પછી શબ્દ ન આવડે એનો કઈ અર્થ નથી. ભાવ આવી જાય એવું છે. ૬૩.

જય હો વિજય હો ભગવતી માતનો જય હો.